# Gyan Amrit
# જ્ઞાનામૃત

March 2026 - Issue 03
Retail Price 15/-





અબ્રામા ખાતે ૯૦મી ત્રિમુર્તિ શિવજંયતિએ આયોજીત 'શિવ સંદેશ કળશ યાત્રા'માં બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. સંગીતાબેન તથા માતાઓ.



મહેસાણા ગોડલી પેલેસ ખાતે ૯૦મી 'ત્રિમુર્તિ શિવરાત્રી'એ પ્રતિજ્ઞા કરતાં MP હરીભાઈ યાદવ, MLA મુકેશભાઈ પટેલ, IMA ચેરમેન ડૉ. અનિલભાઈ નાયક, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. કુસુમબેન.



અમદાવાદ નારોલમાં 'શિવ મહોત્સવ' મેળામાં ૨૨ ફુટ ઉંચા શિવલીંગ દર્શન કાર્યક્રમમાં કામધેનુ ફુડસના માલિક પ્રદિપભાઈ શર્મા, બિલ્ડર ચતુરભાઈ મેશિયા, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. સંધ્યાબેન.



અમદાવાદ ચાંદખેડા ખાતે 'દેવોના દેવ મહાદેવ' ચૈતન્ય ઝાંખીના ઉદ્‌ઘાટનમાં ACP ભ્રાતા દિગવિજયસિંહ રાણા સાથે બ્ર.કુ. સંગીતાબેન.



કેશોદમાં 'દ્વાદર્શ જ્યોતિલીંગ દર્શન' કાર્યક્રમમાં શિવસ્તૃતિ રજુ કરતી બાળાઓ સાથે મીતાબેન, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. દક્ષાબેન.



સુરત કામરેજમાં 'શિવરાત્રી પર પુજારી, સાધુ-સંતો'ના સ્નેહમિલનમાં બ્ર.કુ. તૃપ્તિબેન, ટ્રસ્ટી માનવ મંદિર જયરામભાઈ, ટ્રસ્ટી કાળભૈરવ મંદિર, રેડક્રોસના પ્રમુખ હિતેશગીરી, બ્ર.કુ. રીમાબેન.



ઉદ્‌વાડા ખાતે 'શિવમહાપુરાણ કથા'માં ઉધોગપતિ પદ્મશ્રી ગફુરભાઈ બીલખીયાને ઈશ્વરીય સંદેશ આપી સોગાત આપતાં બ્ર.કુ. પારૂલબેન.



સુરત રાંદેરમાં 'રામેશ્વરના સહસ્ત્રલિંગમ શિવલીંગ' મેળામાં BJP વોર્ડ પ્રમુખ જીતુભાઈ, સેવન સ્કુલના આચાર્ય કોમલબેન, બ્ર.કુ. લીલાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૯ | માર્ચ - ૨૦૨૬ | અંક : ૦૩

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- જ્ઞાનામૃતના મુદ્રક અને પ્રકાશક તરફથી .................. 04
- હોળી-ધુળેટી - આત્મિક પરિવર્તનનો ....તંત્રી સ્થાનેથી .. 05
- આળસ અલબેલાપણાનો ત્યાગ .....દાદી હૃદયમોહિનીજી .. 06
- યોગ દ્વારા ધારણાઓનું નિર્માણ ......બ્ર.કુ. શિવાનીબેન .. 07
- મૌનનું મહત્ત્વ ................................બ્ર.કુ. જૂનાગઢ .. 08
- ડિજિટલ યુગમાં સાહિત્ય .....................બ્ર.કુ. સંજય .. 10
- દાદી નિર્મલશાંતાજી.............................બ્ર.કુ. હેમંત .. 14
- આપની નમ્રતા જ ઊંચાઈ પર લઈ જાય છે................. 19
- મહાશિવરાત્રી - કુર્મ વરાહ અવતાર ....બ્ર.કુ. વિવેકાનંદ .. 20
- સહજતા .....................................બ્ર.કુ. જૂનાગઢ .. 23
- જ્ઞાન પરબ - શાંતિની શક્તિ .............બ્ર.કુ. જગદીશ .. 24
- રાજયોગિની દમયંતિદીદીને શ્રધ્ધા સુમન...બ્ર.કુ. અજીત .. 26
- રાજયોગિની દમયંતિદીદીને સ્મરણાંજલિ...બ્ર.કુ. કિશોર .. 28
- સંગમયુગની પ્રશ્નાવલી ........................................ 30



**2026ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |

મુદ્રક
**ભારતી રણછોડદાસ સોમૈયા**
તંત્રી
**ડો. નંદિની હર્ષદરાય દ્વિવેદી**
પ્રકાશક
**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**


જ્ઞાનામૃત માટે કૃતિઓ, ફોટા, લેખ, કવિતા, અન્ય પ્રકાશન સામગ્રી તંત્રીશ્રી, જ્ઞાનામૃત કાર્યાલયના નામે - સરનામે મોકલવા અથવા ઈમેઈલ દ્વારા મોકલવા
gyanmrit.guj@gmail.com

**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન બની શકાશે. જાન્યુઆરીથી બધા અંક તેમને મળશે. મેમ્બર બનવા માટે નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક, ડી.ડી. થી લવાજમ ભરી શકાશે. Gpay, મોબાઈલ નંબર કે Phone Pay ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરાશે નહીં.

**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**
Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**જ્ઞાનામૃત કાર્યાલય - પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - 380 022.**
Phone : **079 - 2532 4460, +91 94267 08448**

Email : **gyanamrit.guj@gmail.com**

# જ્ઞાનામૃતના મુદ્રક અને પ્રકાશક તરફથી......

જ્ઞાનામૃતના તંત્રી બ્ર.કુ. ડો. કાલિદાસભાઈ પ્રજાપતિએ ખૂબ જ નિષ્ઠાવાન, સાતત્યપૂર્ણ, સમયબદ્ધ રહી કુશળતાપૂર્વક પોતાની જવાબદારીઓ ગુજરાતી જ્ઞાનામૃતના તંત્રી તરીકેની ઘણા વર્ષો (53 વર્ષ) સુધી અખંડ સેવા નિસ્વાર્થ ભાવે સફળતાપૂર્વક નિભાવી. તારીખ 1 જાન્યુઆરી 2026ના રોજ તેમના દેહ અવસાન બાદ તંત્રીના ખાલી પડેલા સ્થાન માટે યોગ્ય નામ નક્કી કરવું જરૂરી લગતા, જ્ઞાનમૃતના કારોબાર તથા છેલ્લા 10 વર્ષની સેવાઓની જવાબદારીઓને જોતા, બ્ર.કુ.ડો.નંદિનીબેન આ સેવા સંભાળી શકે તેમ યોગ્ય છે.

ગુજરાતી જ્ઞાનામૃતના કાર્યમાં બ્ર.કુ. નંદિનીબેન ઘણા લાંબા સમયથી સેવામાં મદદગાર રહ્યા છે. જ્ઞાનામૃતના ભારત સરકારના, અન્ય સરકારી ફોટાઓનું લખાણ તથા ડિજિટાઈલેશનને કારણે ઈમેલથી આવતાં તમામ ફોટાઓનું સંકલન કરી મેટર બનાવવાનું કાર્ય પણ 2012થી કાલિદાસભાઈના માર્ગદર્શનથી સુચારૂરૂપે સંભાળી રહ્યા છે. છેલ્લા 7 વર્ષથી પ્રકાશન, ડિસ્ટ્રીબ્યુશન, વાર્ષિક અને આજીવન મેમ્બરનું પોસ્ટિંગ, ટ્રાન્સપોર્ટેશન, જ્ઞાનામૃતનું લવાજમ, ખર્ચ જેવો ઘણો બધો કારોબાર પણ કાલિદાસભાઈની સલાહ મુજબ સંભાળ્યું.

છેલ્લા 7-8 માસથી કાલિદાસભાઈનું સ્વાસ્થ્ય નાદુરસ્ત રહેતાં તેમના માર્ગદર્શન હેઠળ જ્ઞાનામૃતના પ્રકાશન કાર્યમાં લગભગ બધું જ કાર્ય બ્ર.કુ. નંદિનીબેન સંભાળતા હતા. બ્ર.કુ. કાલિદાસભાઈ સાથે બ્ર.કુ. નંદિનીબેનનું મીડિયા સેવાને લઈને પણ ઘણા વર્ષોનો સારો અનુભવ અને આત્મિક સંબંધો પણ રહેલા છે.

તદુપરાંત છેલ્લા 11 વર્ષ દરમિયાન બ્ર.કુ.નંદિનીબેન પત્રકારત્વના વિષયમાં અભ્યાસ કરી બેચલર ડિગ્રીમાં ગોલ્ડ મેડલ તથા માસ્ટર ડિગ્રીમાં યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને રહ્યા છે. તાજેતરમાં પત્રકારત્વના ક્ષેત્રમાં સંશોધન કરી (ધાર્મિક અને આધ્યાત્મિક પત્રકારત્વના વિષય પર) અનુસંધાન કાર્ય પૂર્ણ કરી Ph.D.(ડોક્ટર ઓફ ફિલોસોફી)ની ઉચ્ચ ડિગ્રી પણ ભારતમાં સર્વશ્રેષ્ઠ ક્રમાંક સાથે મેળવેલ છે.

આ સર્વ બાબતોને જોતા તંત્રીસ્થાન માટે તેમની યોગ્યતા જોતાં ગુજરાતી જ્ઞાનમૃતના તંત્રી તરીકે બ્ર.કુ.ડો.નંદિનીબેનને પસંદ કરી તેમને નિયુક્ત કરીએ છીએ.

**મુદ્રક અને પ્રકાશક**
**બ્ર. કુ. ભારતી દીદી**
**(ભારતી રણછોડદાસ સોમૈયા)**

## તંત્રી સ્થાનેથી

# હોળી-ધુળેટી

## આત્મિક પરિવર્તનનો પાવન સંદેશ

ભારતીય સંસ્કૃતિના ઉત્સવો માત્ર પરંપરા નથી, પરંતુ જીવન જીવવાની કળા શીખવતા આધ્યાત્મિક સંદેશવાહક છે. હોળી અને ધુળેટી એવો જ એક પાવન ઉત્સવ છે, જે માનવીને બાહ્ય નહીં પરંતુ આંતરિક પરિવર્તન માટે નિમંત્રણ આપે છે. હોળીની અગ્નિ અને ધુળેટીના વિવિધ રંગો આપણને આત્મિક શુદ્ધિ અને નવી શરૂઆતનો સંદેશ આપે છે.

હોળીની અગ્નિમાં ભક્ત પ્રહ્લાદની પરમ-ભક્તિ અને હોલિકાના અભિમાન-અહંકારનો અંત થતો જોવા મળે છે. આ કથા માત્ર પૌરાણિક નથી, પરંતુ આજના જીવન સાથે સીધો સંબંધ ધરાવે છે. જ્યારે આત્મા પરમાત્માની યાદમાં સ્થિર થાય છે, ત્યારે કોઈપણ નકારાત્મક શક્તિ તેને નુકસાન પહોંચાડી શકતી નથી. હોળી આપણને એ શીખવે છે કે, ઈશ્વરીય સ્મૃતિ દ્વારા અશુદ્ધ સંસ્કારો સહેજે ભસ્મ થઈ જાય છે.

વર્તમાન સમયે માનવી પાસે અનેક પ્રકારની સુખ સુવિધાઓ અને સાધનો વધતા જાય છે, પરંતુ જીવનમાંથી શાંતિ ઘટતી જાય છે. બહારથી ખુશી અને આનંદના રંગો છે, પરંતુ અંદરથી માનસિક તણાવ અને અશાંતિ દેખાય છે. સાચી ધુળેટી ત્યારે જ ઉજવાય જ્યારે, આપણે રાજયોગ ધ્યાન (યોગ) દ્વારા પોતાના મનને પરમાત્માના રંગોમાં રંગી દઈએ. પરમાત્મા પ્રેમના રંગમાં રંગાયેલો મનુષ્ય સ્વયં આનંદિત રહે છે અને બીજાને પણ આનંદ આપે છે.

ધુળેટીના રંગો માત્ર શરીર પર નહીં, પરંતુ જીવન ઉપર ચઢવા જોઈએ. ક્ષમાશીલતા, સહનશીલતા, નમ્રતા અને મૈત્રી–આ જ સાચા રંગો છે. જ્યારે આપણે બીજાને ક્ષમા કરીએ છીએ, ત્યારે સૌથી વધુ લાભ આત્માને થાય છે. પરમાત્મા દ્વારા શીખવવામાં આવતું આત્મજ્ઞાન આપણને શક્તિ આપે છે કે, આપણે પરિસ્થિતિઓના ગુલામ નહીં, પરંતુ સ્વયંના માલિક બનીએ.

આ પાવન અવસર પર પરમાત્માનો સંદેશ છે કે, આપણે જીવનમાં 'સૃષ્ટિ પરિવર્તનના સમય પહેલા સ્વયંથી પરિવર્તન' ની શરૂઆત કરીએ. જ્યારે એક એક આત્મા પવિત્રતા અને શાંતિને જીવનમાં અપનાવશે, ત્યારે સમગ્ર સમાજમાં પરિવર્તનની લહેર ફેલાશે.

હોળી-ધુળેટીનો સાચો આનંદ ત્યારે છે, જ્યારે આપણે વ્યસનો, દ્વેષ અને ભેદભાવના રંગોને છોડીને, પ્રેમ, એકતા અને ભાઈચારાના રંગોને અપનાવીએ. આવો, આ મહાઉત્સવ પર દૃઢ સંકલ્પ કરીએ કે આપણે માત્ર એક દિવસ નહીં, પરંતુ પ્રત્યેક દિવસે આત્મિક રીતે શુદ્ધ અને સકારાત્મક જીવન જીવીશું. હે આત્માઓ, હવે સમયને ઓળખો અને આંખો ખોલો, ભારતમાં સ્વયં શિવ ભગવાન આવ્યાં છે. સૌ આત્મિક ભાઈ-બહેનોને હોળી-ધૂળેટી પર્વની શુભેચ્છાઓ....

॥ ૐ શાંતિ ॥

**બ્ર. કુ. ડો. નંદિની**

## એવરરેડી બનવું અર્થાત્

# આળસ અને અલબેલાપણાનો ત્યાગ કરવો

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



કોઈ વિનાશની વાત કરે છે તો બાબા કહે છે તમને તમારો વિનાશ ક્યારે થશે તેની ડેઈટ - તારીખ ખબર છે? બાબા કહે છે કે હું ડેઈટ કોન્સીયસ બનાવીશ નહીં. કોઈને પૂછવું હોય તો મારા જ્યોતિષી બાળકોને પૂછે. એમનું કામ એ જ કરશે. જે કામ જ્યોતિષીઓએ કરવાનું છે તે કામ હું શા માટે કરું? બાબાએ સીધો જવાબ આપ્યો. મારે ડેઈટ કોન્સીયસ બનાવવાના નથી. હું સોલ કોન્સીયસ બનાવવા માટે આવ્યો છું. એટલે એવરરેડી રહો.

એવરરેડી રહેવું અર્થાત્ આળસ અને અલબેલાપણાને છોડવાં. રોયલરૂપમાં પણ અલબેલાપણું આવે છે. અલબેલાપણાવાળો કદી એલર્ટ બની શકતો નથી. જે ઈચ્છે તે બતાવી શકતો નથી. એટલે બાબા કહે છે વિચારવું અને કરવું એક કરો. અત્યારે પોતાના પુરુષાર્થમાં લાગી જાઓ. બીજાઓને બહુ સાંભળ્યા, બહુ જોયું. દ્વાપરથી કથાઓ સાંભળી. અત્યારે શું કથાઓ સાંભળશો ? પોતાના પુરુષાર્થની વાતોમાં મગ્ન થઈ જાઓ. અપની ઘોટ તો નશા ચઢે. પોતાનું મનન, પોતાનું શુભચિંતન, પોતાનું રીઅલાઈઝેશન. સમય પૂછીને આવતો નથી. સમય પર આધારિત રહેશો તો આપણું રીઝલ્ટ સારું નહીં હોય. એટલે રીઅલાઈઝેશન શબ્દને અંડરલાઈન કરો. પોતાને રીઅલાઈઝ કરો. પોતાના દ્વારા તે બીજાઓને પહોંચશે. અંતર્મુખી બની જાઓ. હું અને મારા બાબા. બાબા આપી રહ્યા છે અને હું લઈ રહ્યો છું. જે લઈ રહ્યો છું તે નેચરલ છે. બીજાઓ સુધી પહોંચશે. જ્યારે પ્રકૃતિની લાઈટ પહોંચે છે તો હું તો રચયિતા છું. મારાં લાઈટ માઈટનાં વાયબ્રેશન પણ પહોંચશે. થોડા અંતર્મુખી બનીને આ વાત ઉપર આપણા સર્વનું અટેન્શન જવું જોઈએ. જશે તો પોતાને જ ફાયદો છે.

॥ ઓમશાંતિ ॥

### સંગમયુગની પ્રશ્નાવલીના જવાબો

| | | | |
|---|---|---|---|
| 1. | વાયરલેસ સેટ | 2. | ફેરા લગાને |
| 3. | સ્વર્ગ કા | 4. | હીરાતુલ્ય |
| 5. | કાંટો | 6. | અહમ, વહમ |
| 7. | મેરા બાબા | 8. | રજીસ્ટર |
| 9. | સેવા | | |
| 10. | પવિત્ર આત્મા, પવિત્ર દેવતા | | |
| 11. | પવિત્રતા | 12. | ખિદમત |
| 13. | નેચર | 14. | કર્મયોગી |
| 15. | પવિત્ર ભવ | 16. | અજગર |
| 17. | વારીસ | 18. | ગુલગુલ |
| 19. | દેહ અભિમાન | 20. | ગોપ-ગોપીઓ |
| 21. | સમર્થ | 22. | રુદ્ર યજ્ઞ |
| 23. | પાવન | 24. | મેં પનકા |
| 25. | છત્રછાયા | | |

## પ્રસન્નતાના પથ પર

# યોગ દ્વારા સશક્ત ધારણાઓનું નિર્માણ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



દુનિયામાં સકારાત્મક ચિંતનની અલગ અલગ ઘણી બધી ટેકનીક જણાવી છે. આપણે સકારાત્મક સંકલ્પ તો નિર્મિત કરી દઈએ છીએ પણ એમાં તાકાત હોતી નથી કારણકે આપણને સ્વયંને એને સાકાર થવા બાબતે વિશ્વાસ હોતો નથી. હું એક સકારાત્મક સંકલ્પ કરીશ કે આ કામ થઈ જશે. પરંતુ સાથે સાથે અંદર સંદેહ પણ છે કે મને એવું લાગતું નથી કે આ કામ થઈ શકશે. છતાં પણ ડર છે કે કામ નહીં થયું તો તો સમજી લો કે સકારાત્મક સંકલ્પનો કોઈ પ્રભાવ પડશે નહીં. કારણ કે એ એક સકારાત્મક સંકલ્પની પાછળ ઘણા બધા નકારાત્મક સંકલ્પ છે એટલે બહુ જલદીથી તે નકારાત્મક સંકલ્પનું અનુસરણ કરવા લાગે છે.

યોગ ગાઢ રીતે જાગી ગયેલા સંસ્કાર, ઊંડી માન્યતાઓને બદલી દે છે. એમાં આપણે સંકલ્પના સ્તર પર કામ કરતા નથી પણ એનાથી પણ એક કદમ પાછળ જઈને પોતાના સંસ્કાર પર કામ કરીએ છીએ. કારણ કે જે પ્રકારના સંસ્કાર, એ પ્રમાણે વિચારો નિર્મિત થતા હોય છે.

આપણી આસપાસના લોકો ગમે તે કરી રહ્યા હોય, આપણે એનો સ્વીકાર કરીએ, ગુસ્સો ન કરીએ. શાંત રહો પણ તે સહજ લાગતું નથી. પોતાના ઉપર મહેનત નથી કરતા તો અચાનક જ અંદરમાં એક દિવસે વિસ્ફોટ થઈ જાય છે. આપણા સારા પ્રયાસનું આ પરિણામ તરત જ તો મળતુંનથી કે સામાવાળો બદલાય જાય યા કાર્યાલયમાં સૌ એકદમ પ્રેમથી કાર્ય કરવા લાગી જાય એટલે આપણી યાત્રા અટકી જાય છે. અને આપણી જૂની માન્યતાઓ તો તૈયાર પડી છે. એને પાછી આવતાં મુશ્કેલ કાર્ય નથી. એનાથી આપણને ઘણું બધું નુકસાન થઈ જાય છે. આપણે જીવનયાત્રા પર ચાલી રહ્યા છીએ એટલે શક્તિ ભરવી પણ બહુ જરૂરી છે. એટલા માટે આપણે જ્યારે સવારમાં મૌનમાં બેસીએ છીએ ત્યારે અંદરથી જટિલ સમસ્યાઓનું સમાધાન કરવાનું વિચારો. પછી જે બહારના વિરોધાભાસ છે તે પોતાની મેળે ઉકેલાય જશે. એના ઉપર મહેનત કરવી પડશે નહીં.

પ્રારંભમાં જ સવારના સમયે પાંચ યા દસ મિનિટનો સમય યોગ માટે અવશ્ય રાખી શકો છો પછી ધીરે ધીરે સમય વધારતા જાઓ. મનમાં સંકલ્પની ગતિને મૌન કરવામાં જ પાંચ - દસ મિનિટ પસાર થઈ જાય છે. એટલે સૌથી વધારે સમય આપો. પોતાના વિચારોને રોકવાની કોશિશ ન કરો પણ પોતાના ઉપર ધ્યાન આપો કે હું બીજા પ્રકારના વિચાર પણ નિર્મિત કરી શકું છું. આપ જોશો કે વિચાર તો આવશે, જો આપ એના ઉપર ધ્યાન નહીં આપો તો તે એની મેળે આપોઆપ સમાપ્ત થઈ જશે. આપણે એ ધ્યાન રાખવાનું છે કે મારે શું ઉત્પન્ન કરવાનું છે.

દા.ત. મેં સંકલ્પ કર્યો કે હું શાંત સ્વરૂપ આત્મા છું. શાંતિ મારો સ્વભાવ છે. એને આપણે માત્ર સંકલ્પ સ્તર પર નિર્મિત કરીએ છીએ તો તે એકાગ્ર થઈ શકતા નથી પણ જે ચીજ પર આપણે

(અનુસંધાન પેજ નં. 19 પર)

# મૌનનું મહત્વ

**બ્ર.કુ. જુનાગઢ**

સંસ્કૃતમાં એક શ્લોક છે. 'મૌનમ્ સર્વાર્થ સાધનમ્'. એટલે કે મૌન એ સૌથી શ્રેષ્ઠ સાધના છે. ખરેખર, મૌન એ ખુબ જ મોટી અને અઘરી સાધના છે. એનું મહત્વ પણ એટલું જ વધુ અને ઉત્તમ છે. મૌન માત્ર આંતરિક ઊર્જાની બચત નથી કરતું પરંતુ આપણી અંદર નવીન ઊર્જાનો સંચાર પણ કરે છે. ગુસ્સો, આવેશ, વેર, દ્વેષ જેવી નકારાત્મકતા નષ્ટ કરે છે. મૌન આપણને ગુસ્સો ભૂલવામાં તથા પરિસ્થિતિના બધા પાસાઓને પારખવામાં મદદરૂપ થાય છે. માનસિક સુખની પ્રાપ્તિ કરાવે છે. મૌન જીવનમાં સકારાત્મક્તા લાવવા માટે ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. આપણી વિચારશક્તિને સશક્ત બનાવે છે. આપણને નિયમિત અને શિસ્તબદ્ધ બનાવે છે. આપણી અંદર આત્મવિશ્વાસની વૃદ્ધિ કરે છે. મૌન એ વ્યક્તિને શ્રેષ્ઠ શ્રોતા બનાવે છે, જે શ્રેષ્ઠ શ્રોતા હોય તે જ વિદ્વાન બની શકે છે, કહેવાય છે કે જે વ્યક્તિ વિદ્વાન હોય છે એ હંમેશા વધુ પડતું બોલવા કરતાં પોતાના કર્મોથી પોતાની વિદ્વતા સાબિત કરવામાં વધુ માને છે, મૌન ધારણ કરે છે.

મૌનના સ્વાસ્થ્યલક્ષી લાભ પણ છે, મૌન એટલે યોગની ઉત્તમ સાધના. આ મૌન અને શાંત ચિત્તે માત્ર ઈશ્વરને યાદ કરવાથી ઉચ્ચ રક્તચાપ એટલે કે હાઈ બ્લડ પ્રેશરની તકલીફમાં પણ ઘણો ફાયદો થાય છે. મૌન દ્વારા મનને શાંત અને પ્રફુલ્લિત કરી શકાય છે, એના કારણે લોહીની ઉણપ પણ શરીરમાંથી દૂર કરી શકાય છે. મૌનથી ગંભીર બીમારીઓ ભલે દૂર ન થાય પણ રાહત ચોક્કસ અપાવે છે. આપણી રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી આપણને એક નવી જ સ્ફૂર્તિ પ્રદાન કરે છે. આપણી અંદર ગંભીર બીમારી સામે લડવાની શક્તિનો સંચાર કરે છે. કહેવાય છે કે ઓછું બોલનાર અને મૌનનો નિયમ પાળતા લોકો નીરોગી અને લાંબુ જીવે છે.

મૌન અઘરું છે પણ અશક્ય નથી. શું આજના સમયમાં આવી આકરી સાધના શક્ય છે ખરી ? આપણે કહીશું, ના... શક્ય નથી. પણ હકીકતમાં શક્ય છે. બીજું કંઈ નહીં પણ પોતાની જીભ પર નિયંત્રણ રાખવું તો ચોક્કસ શક્ય છે જ. આપણા રોજીંદા જીવનમાં આખો દિવસ નહિ તો દિવસનો અમુક નિશ્ચિત સમય માટે એકાદ કલાક મૌન રહેવાનો નિયમ પણ પાળી જ શકાય છે. આપણી વિચારવાની શક્તિને વધારે છે. એટલા માટે સાધનાના કોઈ પણ પથમાં મૌનની તાકાત સ્વીકારવામાં આવી છે.

મનોવૈજ્ઞાનિક અને કેરીયર વિશેષજ્ઞ પણ સ્મરણ શક્તિ વધારવા માટે, એકાગ્રતા, શાંતિ અને સકારાત્મક વિચારો માટે જીવનમાં મૌન ધારણ કરવાની સલાહ આપે છે.

મૌન રહેતી વખતે ખરેખર તો આપણે પોતાની સાથે વાત કરતા હોઈએ છીએ. આત્મ મૂલ્યાંકન કરી શકાય છે. મૌનથી સંવેદનશીલતા વધે છે. જો તમે દસ દિવસ સુધી મૌન રહેવા માટે વિચારી શકો છો તો. ઘણા બધા લોકો માટે આ એક પાણી ઉપર ચાલવા જેવુ કામ છે. આપણી સંવેદનશીલતામા, વિચારવામા, ભાવનાઓમા શુધ્ધતા આવે છે. ભવિષ્યની સમસ્યાનું સમાધાન મળે છે. મૌન વ્રત હમેશાં આપણને વર્તમાનમાં લાવે છે. જ્યાં આપણે સુખનો અનુભવ કરીએ છીએ. મૌનની મદદથી આપણે ભવિષ્યના ભ્રમમાંથી

નીકળવામા સફળ થઈએ છે. યાદ શક્તિ વધે છે. એકાંતમા મગજ શાંત રહે છે જે મૌનથી આવે છે.

જ્યારે આપણે મૌન રહીએ છીએ ત્યારે મગજમાં સકારાત્મક વિચાર આવે છે. જેનો આપણે અમલ કરીએ છીએ. આનાથી આપણી અંદર સકારાત્મક પ્રવૃત્તિ વધે છે. કોઈ પણ બહારની વસ્તુથી આપણે પ્રભાવીત થતા નથી. આ શાંતિ આપણને મૌનથી મળે છે.

મૌન આપણને જાગ્રૃત કરે છે. સચેત કરે છે. આનાથી આપણી ગતિવિધી આપણા નિયંત્રણમાં રહે છે. આપણે તેના નિયંત્રણમાં નથી રહેતા. મૌનથી મગજ તેજ રહે છે. શરીરનો સૌથી તાકાત વાળો ભાગ મગજ છે. જે રીતે માંસપેશીઓની કસરત કરવાથી ફાયદો થાય છે. એ જ રીતે મૌનથી મગજને ફાયદો થાય છે. મૌન એ એક પ્રકારની મગજની કસરત છે. જેનો બધાએ પોતાના પ્રમાણે યોગ્ય પ્રમાણમાં અભ્યાસ કરવો.

મૌન રહેવું એક સાધના સમાન છે. વિજ્ઞાન પ્રમાણે મૌન રહેવાના ઘણા ફાયદા છે. જેમ કે, 2 મિનિટ પળાયેલું મૌન મધુર સંગીત સાંભળવા કરતા પણ વધારે શાંતિ મનને આપે છે. મૌનમાં રહેવાથી મગજમાં નવી કોશિકાઓ બને છે, જે તણાવ દૂર કરે છે. આ સાથે જ મૌન તમને વિપરીત પરિસ્થિતિનો સામનો કરવા માટે શક્તિ પ્રદાન કરે છે. શાંત, ગંભીર સ્થળો અને ભાવનાત્મક વાતાવરણ મૌનથી જ પ્રેરિત થાય છે. મૌનથી સંવેદનશીલતા તેમજ યાદશક્તિ પણ વધે છે.

મૌન રહેવાની અસર બોડી પર ખૂબ જ જોવા મળે છે. સામાન્ય રીતે વધુ ઘોંઘાટ કે અવાજનું પ્રદૂષણ ધરાવતા સ્થળ પર રહેતા લોકોનું બ્લડ પ્રેશર વધેલુ જોવા મળે છે જ્યારે જે લોકો શાંત સ્થળ પર રહે છે તેમને બી.પી. સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે.

જે લોકો વધુ એકાંતવાસમાં શાંતિથી રહે છે તેમનું મન અશાંત સ્થળો પર રહેતા લોકોની સરખામણીએ વધુ એકાગ્ર રહે છે, સરળતાથી ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. તેઓ વિચારોનું સામંજસ્ય જાળવીને એકાગ્રતાને વધારી દે છે.

મૌનમાં રહેવાનો એક લાભ એ પણ છે કે બ્રેઈનનો વિકાસ અશાંત સ્થળો પર રહેતા લોકો કરતા શાંત રહેતા લોકોમાં શ્રેષ્ઠ હોય છે. મૌન રહેતા લોકોની સમજશક્તિ અને વિચારવાની ક્ષમતા શ્રેષ્ઠ હોય છે. વધુ ઘોંઘાટ કે અશાંત સ્થળો પર રહેવાથી કોર્ટિસોલ હોર્મોનનું લેવલ વધી શકે છે. કોર્ટિસોલ હોર્મોનના વધવાથી ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, હાર્ટ ડિસીઝ થવાનું જોખમ રહે છે. આ હોર્મોનનું નિયંત્રણ ખૂબ જરૂરી છે. શાંત સ્થળો પર મૌન રહેવાથી આને નિયંત્રિત કરવામાં મદદ મળે છે.

મૌન રહેવાનો એક ફાયદો એ પણ છે કે જ્યારે બ્રેઈન યોગ્ય રીતે એક્ટિવ રહે છે ત્યારે તેનાથી ઊંઘ સારી આવે છે. કોઈ પણ પ્રકારનો મેન્ટલ ડિસઓર્ડર થવાની સંભાવના ઓછી રહે.

જો આપણી આસપાસ ઘોંઘાટનું વાતાવરણ હોય તો ક્યારેક આપણે સ્ટ્રેસની સ્થિતિમાં પહોંચી જઈએ છીએ. આવી સ્થિતિમાં જો આપણે શાંતિના સ્થળે જઈએ અથવા મૌન રહીએ, તો તે તણાવ માટે જવાબદાર હોર્મોન કોર્ટિસોલને ઘટાડે છે. મૌન રહેવાથી આપણી સર્જનાત્મકતા પણ વધે છે. આપણે કોઈપણ સમસ્યાનો ઉકેલ પણ ઝડપથી શોધી લઈએ છીએ. મૌન સારી ઊંઘ તરફ દોરી જાય છે, કોઈ પણ પ્રકારનો સ્ટ્રેસ નથી આપતું.

જો કોઈ વ્યક્તિને હાઈપરટેન્શનની સમસ્યા હોય તો તેના માટે મૌન કોઈ વરદાનથી કમ નથી.

**(અનુસંધાન પેજ નં. 25 પર)**

# ડિજિટલ યુગમાં સાહિત્ય

બ્ર.કુ. સંજય, કલા - સંસ્કૃતિ પ્રભાગ, શાંતિવન, આબુ રોડ, રાજસ્થાન

સાહિત્યને હંમેશા **'સમાજનો અરીસો'** માનવામાં આવે છે. સમયની સાથે સમાજ બદલાયો અને સમાજની સાથે સાહિત્યના સ્વરૂપ અને માધ્યમમાં પણ ધરમૂળથી પરિવર્તન આવ્યું. ક્યારેક ભોજપત્રો પર લખાયેલું સાહિત્ય, છાપકામ મશીન (પ્રિન્ટિંગ પ્રેસ)ના આવિષ્કાર પછી કાગળો પર ઉતર્યું અને આજે તે '0' અને '1'ના ડિજિટલ કોડમાં સીમિત થઈને આપણી સ્ક્રીન પર આવી ગયું છે. 21મી સદીનો આ ડિજિટલ યુગ એ માહિતી ક્રાંતિનો યુગ છે, જ્યાં જ્ઞાન અને મનોરંજન માત્ર એક ક્લિકની દૂરી પર છે. આ યુગે જ્યાં સાહિત્યને વૈશ્વિક પહોંચ આપી છે, ત્યાં જ તેના અસ્તિત્વ, ઊંડાણ અને શુદ્ધતા સામે અનેક ગંભીર પડકારો પણ ઊભા કર્યા છે.

## વાંચન સંસ્કૃતિનો હ્રાસ

ડિજિટલ યુગનો સૌથી મોટો પડકાર મનુષ્યની એકાગ્રતા (Concentration) માં સતત થતો ઘટાડો છે. ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા (જેમ કે Instagram Reels અને YouTube Shorts) એ વાચકોને **'ક્વિક ફિક્સ'** એટલે કે ત્વરિત મનોરંજનના આદિ બનાવી દીધા છે, જેના પરિણામે માનવ મગજમાં ધૈર્ય (Patience)ની ભારે અછત સર્જાઈ છે.

વિવિધ સંશોધનો જણાવે છે કે આ ડિજિટલ ક્રાંતિના દોરમાં મનુષ્યનો **'અટેન્શન સ્પાન'** (એકાગ્ર રહેવાનો સમયગાળો) ઘટીને માત્ર થોડી સેકન્ડ્સ રહી ગયો છે. સાહિત્યની પહેલી માંગ **'ધૈર્ય'** છે; એક નવલકથા, કવિતા કે ગંભીર વૈચારિક લેખને આત્મસાત કરવા માટે જે માનસિક સ્થિરતાની આવશ્યકતા હોય છે, તે આજના **'શોર્ટ-કટ'** યુગમાં લુપ્ત થતી જાય છે. વર્તમાનમાં વાચકો ઊંડા વિશ્લેષણને બદલે માત્ર **'હેડલાઈન્સ'** અથવા **'બુલેટ પોઈન્ટ્સ'** વાંચીને માહિતી મેળવવાનું વધુ પસંદ કરે છે. આનાથી તે સાહિત્યનું ઊંડાણ અને મર્મ ખોઈ રહ્યો છે, જે ક્યારેક મનુષ્યને આત્મચિંતન અને વૈચારિક ક્રાંતિ માટે પ્રેરિત કરતો હતો.

## ઈશ્વરીય સેવાઓમાં સાહિત્યની સુવર્ણ ભૂમિકા

જો આપણે **'યજ્ઞ'** (બ્રહ્માકુમારીઝ)ના ઈતિહાસનું અવલોકન કરીએ, તો સિંધથી લઈને વર્તમાન સુધી, છેલ્લા 90 વર્ષોમાં ઈશ્વરીય સેવાઓના વિસ્તારમાં સાહિત્યની એક અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. યજ્ઞના શરૂઆતના સમયમાં સ્વયં પ્રજાપિતા બ્રહ્મા બાબા અખબારોમાં ઈશ્વરીય જાહેરાતો (Advertisement) આપતા હતા અને દેશ-વિદેશની V.I.P. હસ્તીઓ સાથે પત્રવ્યવહાર કરતા હતા. એ સર્વવિદિત છે કે માતેશ્વરી સરસ્વતીજીએ (મમ્માએ) મહાત્મા ગાંધી, પોપ અને ક્રાઉન પ્રિન્સ જેવી મહાન હસ્તીઓને પત્ર લખીને પરમાત્માના અવતરણનો દિવ્ય સંદેશ આપ્યો હતો.

યજ્ઞના માઉન્ટ આબુ આવ્યા પછી, પિતાશ્રીએ ભ્રાતા જગદીશ ભાઈજી જેવી મહાન આત્માને ઈશ્વરીય સાહિત્યના નિર્માણ માટે નિમિત્ત બનાવ્યા. જગદીશ ભાઈજીનો સાહિત્ય પ્રત્યેનો દ્રષ્ટિકોણ અત્યંત શ્રદ્ધાપૂર્ણ અને સ્પષ્ટ હતો. તેઓ હંમેશા કહેતા કે, **'યજ્ઞના સાહિત્યમાં કોઈપણ પ્રકારની ક્ષતિ કે ભૂલ ન હોવી જોઈએ, કારણ કે આ સ્વયં ભગવાનનું કાર્ય છે.'** તેઓ

અવારનવાર 'ગીતા પ્રેસ, ગોરખપુર'નું ઉદાહરણ આપતા કે તેમનું સાહિત્ય એટલું શુદ્ધ અને ભૂલરહિત હોય છે કે તેમાં કોઈ દોષ કાઢી શકતું નથી.

જગદીશ ભાઈજીના એ જ સમર્પણ અને આદર્શોના ફળસ્વરૂપે આજે **'જ્ઞાનામૃત', 'ધ વર્લ્ડ રિન્યુઅલ'** (The World Renewal), **'ઓમ શાંતિ મીડિયા'** અને **'શિવ આમંત્રણ'** જેવી અનેક ગૌરવશાળી હિન્દી પત્રિકાઓ અને સાહિત્યિક પ્રકાશનો આપણા ઈશ્વરીય યજ્ઞની શોભા વધારી રહ્યા છે. આ પ્રકાશનો આજે માત્ર જ્ઞાનનો પ્રચાર જ નથી કરી રહ્યા, પરંતુ લાખો આત્માઓના **જીવનમાં ઈશ્વરીય પ્રકાશ** ફેલાવવાનું માધ્યમ બની રહ્યા છે.

## પ્રિન્ટ વિરુદ્ધ ડિજિટલ

કાગળની સુગંધ અને ચાની ચુસ્કીની સાથે હાથમાં પુસ્તક કે અખબાર લઈને વાંચવાનો જે આનંદ હતો, તેને હવે **'કિન્ડલ'** (Kindle)અને **'ઈ-બુક'** (E-book)એ કડક પડકાર આપ્યો છે. આજના સમયમાં સાર્વજનિક પુસ્તકાલયો અને બુક-સ્ટોર્સમાં વાચકોની ભીડ સતત ઓછી થઈ રહી છે. જો કે ડિજિટલ માધ્યમોએ પુસ્તકોને **'પોર્ટેબલ'** (ગમે ત્યાં લઈ જઈ શકાય તેવા) અને સુવિધાજનક બનાવી દીધા છે, પરંતુ પાના ફેરવવાનો આનંદદાયક અનુભવ અને એકાંતમાં વાંચવાનો સુકૂન હવે દુર્લભ થતો જાય છે.

પ્રકાશકો અને લેખકો માટે ડિજિટલ યુગ એક ગંભીર આર્થિક સંકટ પણ લઈને આવ્યો છે. આનું એક દુઃખદ ઉદાહરણ ગુજરાતી ભાષાની સુપ્રસિદ્ધ વિજ્ઞાન પત્રિકા **'સફારી'** છે. 80ના દાયકાથી જ્ઞાન અને વિજ્ઞાનની મશાલ જલાવનારી આ પત્રિકા (સંપાદક - નગેન્દ્ર વિજય) ને અંતે પ્રિન્ટ સંસ્કરણમાં બંધ કરવી પડી, કારણ કે વાચકોની સંખ્યા એટલી ઓછી થઈ ગઈ હતી કે પત્રિકાનો છાપકામનો ખર્ચ કાઢવો પણ અશક્ય બની ગયો હતો. આ ઉપરાંત, **'પાયરસી'** (Piracy)ને કારણે લેખકોની મહેનતનું ઉચિત મૂલ્ય તેમને મળી રહ્યું નથી. આજે કોઈ પણ પુસ્તક બજારમાં આવતાની સાથે જ **'PDF'** સ્વરૂપે વોટ્સએપ કે ટેલિગ્રામ પર મફતમાં ઉપલબ્ધ થઈ જાય છે. વાચકોની આ અનૈતિક પ્રવૃત્તિ લેખકોની રોયલ્ટીના આખા તંત્રને ધ્વસ્ત કરી રહી છે, જેનાથી સાહિત્ય અને જ્ઞાનના સર્જનનો આર્થિક આધાર જ સમાપ્ત થઈ રહ્યો છે.

## સાહિત્યનું લોકશાહીકરણ

આ એક સુખદ પાસું છે કે ડિજિટલ ક્રાંતિના આ યુગે દરેક વ્યક્તિને **'લેખક'** બનવાની તક પૂરી પાડી છે. ફેસબુક, ટ્વિટર (X) અને બ્લોગ્સ જેવા માધ્યમોએ અભિવ્યક્તિની દીવાલો તોડી નાખી છે. હવે સાહિત્ય માત્ર થોડા ખાસ **'એલિટ'** (અભિજાત્ય વર્ગ) કે ગણ્યા-ગાંઠ્યા બુદ્ધિજીવી-ઓના હાથની કઠપૂતળી રહ્યું નથી. આજે સામાન્ય માણસનો અવાજ, દલિત સાહિત્ય, સ્ત્રી વિમર્શ અને પ્રાદેશિક બોલીઓને એક વિશાળ વૈશ્વિક મંચ મળ્યો છે.

પરંતુ, આ સિક્કાની એક નકારાત્મક બાજુ પણ છે, સાહિત્યિક ગુણવત્તામાં થતો સતત ઘટાડો. આજના સમયમાં **'સંપાદન'** (Editing)-ની અનિવાર્ય પ્રક્રિયા લગભગ ગાયબ થઈ ગઈ છે, જે કોઈપણ રચનાને નિખારતી હતી. અગાઉ એક પુસ્તક પ્રકાશિત થતા પહેલા નિષ્ણાતો દ્વારા સુધારાના અનેક તબક્કાઓ અને ભાષાકીય તપાસમાંથી પસાર થતું હતું, પરંતુ હવે કોઈપણ વ્યાકરણની શુદ્ધતા કે વૈચારિક સ્પષ્ટતા વિના કંઈપણ **'પબ્લિશ'** કરી દેવામાં આવે છે.

આજે **'ઈન્સ્ટા-પોએટ્રી'** (Insta-Poetry)-

ના નામે ઉપરછલ્લી પ્રાસબંધીનું ચલણ વધી ગયું છે. જેમાં શબ્દોની ગોઠવણી અને શણગાર તો આકર્ષક હોય છે, પરંતુ તેમાં તે દાર્શનિક ઊંડાણ અને વૈચારિક વજન નથી હોતું, જે કબીર, નિરાલા કે મુક્તિબોધ જેવા મહાન સર્જકોના સાહિત્યમાં મળતું હતું. પરિણામસ્વરૂપ, સાહિત્ય હવે હૃદયને હચમચાવવાને બદલે માત્ર **'લાઈક'** અને **'શેર'** સુધી સીમિત રહી ગયું છે.

## માહિતીનો વિસ્ફોટ

આજે ઇન્ટરનેટ પર સામગ્રીની કોઈ અછત નથી, પરંતુ સૌથી મોટી સમસ્યા એ છે કે **'શું વાંચવું અને શું છોડવું?'** માહિતીના આ અગાધ મહાસાગરમાં ઉત્કૃષ્ટ અને કાલજયી સાહિત્ય ક્યાંક ખોવાઈ ગયું છે. આજે આપણે જે કંઈ પણ વાંચીએ કે જોઈએ છીએ, તે આપણી પસંદગી કરતા વધુ **'એલ્ગોરિધમ'** દ્વારા નક્કી કરવામાં આવે છે.

એલ્ગોરિધમ આપણને માત્ર એવી જ સામગ્રી બતાવે છે જે આપણી અગાઉની પસંદગી કે રુચિઓ સાથે મેળ ખાતી હોય. તેને ટેકનિકલ ભાષામાં **'ફિલ્ટર બબલ'** (Filter Bubble) કહેવામાં આવે છે. આનું દુષ્પરિણામ એ આવે છે કે વાચકોનો વૈચારિક વિસ્તાર અટકી જાય છે. સાહિત્યનો વાસ્તવિક ઉદ્દેશ્ય મનુષ્યને પોતાની મર્યાદાઓમાંથી બહાર કાઢીને એક નવી વિચારધારા અને દ્રષ્ટિકોણ આપવાનો હતો, પરંતુ ડિજિટલ યુગની આ ટેકનિકલ જાળ મનુષ્યને તેના પોતાના જ મર્યાદિત વિચારોના દાયરામાં કેદ કરી રહી છે. આપણે એ જ વાંચી રહ્યા છીએ જે આપણે પહેલેથી જાણીએ છીએ અથવા જે આપણને પસંદ છે, જ્યારે શ્રેષ્ઠ સાહિત્ય આપણને એ શીખવતું હતું જે આપણા માટે નવું, પડકારજનક અને પરિવર્તનકારી હોય.

## ભાષાનું ક્ષરણ (Linguistic Erosion)

ડિજિટલ યુગમાં ટેકનોલોજીના પ્રભાવથી જો કોઈ વસ્તુ સૌથી વધુ પ્રભાવિત થઈ હોય, તો તે છે આપણી **'ભાષા'**. આજની **'ચેટિંગ કલ્ચર'** અને સોશિયલ મીડિયાની સંક્ષિપ્ત શબ્દાવલીએ વ્યાકરણના મૂળિયાં હચમચાવી દીધા છે. વર્તમાન યુવા પેઢી પોતાની મૂળ ભાષાના શુદ્ધ અને તત્સમ શબ્દોના પ્રયોગને બદલે **'હિંગ્લિશ' (હિન્દી અને અંગ્રેજીનું મિશ્રિત સ્વરૂપ)**નો છૂટથી ઉપયોગ કરી રહી છે.

વિડંબના એ છે કે આજે પોતાની ગહનતમ ભાવનાઓને વ્યક્ત કરવા માટે શબ્દોની પસંદગી કરવાને બદલે **'ઈમોજી'** (Emoji)નો સહારો લેવામાં આવી રહ્યો છે. સાહિત્ય એ શબ્દોની સાધના છે, પરંતુ જ્યારે ભાવોને વ્યક્ત કરવા માટે શબ્દો જ ઓછા પડવા લાગે અથવા તેમનું સ્થાન નિર્જીવ ચિત્રો લઈ લે, ત્યારે ભાષાનું દરિદ્ર (ગરીબ) થવું નિશ્ચિત છે.

ભાષા માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ આપણી સંસ્કૃતિ અને ચેતનાની વાહક છે. જો ભાષા પોતાની ગરિમા અને શબ્દ-સંપત્તિ ગુમાવી દેશે, તો એક સમૃદ્ધ અને કાલજયી સાહિત્યનું સર્જન અશક્ય બની જશે. કારણ કે સમૃદ્ધ સાહિત્ય માટે ભાષાનું સશક્ત અને શુદ્ધ હોવું એ પહેલી શરત છે.

## તક અને નવી સંભાવનાઓ

પડકારોનો આ દોર હોવા છતાં, ડિજિટલ યુગ સાહિત્યના ભવિષ્ય માટે સંપૂર્ણપણે નકારાત્મક નથી, પરંતુ તે પોતાની સાથે અનેક ક્રાંતિકારી લાભો અને નવી સંભાવનાઓ પણ લાવ્યો છે. આનું સૌથી મોટું વરદાન **'વૈશ્વિક પહોંચ'** (Global Reach) તરીકે સામે આવ્યું છે,

જ્યાં આજે એક નાનકડો હિન્દી કવિ પોતાની રચના ઇન્ટરનેટ પર શેર કરીને પળભરમાં અમેરિકા કે દુનિયાના કોઈપણ ખૂણે બેઠેલા વાચક સુધી પહોંચી શકે છે. આ જ કડીમાં **'ઓડિયો બુક્સ'**નું વધતું ચલણ તે લોકો માટે સાહિત્યને પુનર્જીવિત કરી રહ્યું છે, જેમની પાસે ભાગદોડ ભરી જિંદગીમાં વાંચવાનો સમય નથી; હવે લોકો વાહન ચલાવતી વખતે કે દૈનિક કાર્યો કરતી વખતે પણ શ્રેષ્ઠ સાહિત્યનો આનંદ માણી રહ્યા છે. આ ઉપરાંત, ડિજિટલ માધ્યમોએ **'ઈન્ટરેક્ટિવ સાહિત્ય'**ની એક નવી સંસ્કૃતિને જન્મ આપ્યો છે, જેનાથી લેખક અને વાચક વચ્ચેનું સદીઓ જૂનું અંતર સમાપ્ત થઈ ગયું છે. હવે વાચકો પોતાની પ્રતિક્રિયાઓ અને પ્રતિભાવો (Feedback) સીધા લેખક સુધી પહોંચાડી શકે છે, જેનાથી સંવાદનું એક જીવંત અને લોકશાહી મંચ તૈયાર થયું છે.

## સંતુલનની આવશ્યકતા

ડિજિટલ યુગમાં સાહિત્યના અસ્તિત્વ અને તેની ગરિમાને બચાવી રાખવા માટે આપણે ટેકનોલોજીનો વિરોધ કરવાને બદલે તેની સાથે **'સામંજસ્ય'** કેળવવું પડશે. આ સમયની માંગ છે કે આપણે આપણી યુવા પેઢીને એ શીખવીએ કે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ માત્ર ઉપરછલ્લા મનોરંજન માટે નહીં, પરંતુ **'તલસ્પર્શી અધ્યયન'** (Deep Reading) માટે કેવી રીતે કરી શકાય. તેની સાથે જ, ડિજિટલ પ્લેટફોર્મ્સ પર પણ એક સશક્ત **'સંપાદકીય મંડળ'** (Editorial Board)ની સંસ્કૃતિ વિકસિત થવી અનિવાર્ય છે, જેથી સાહિત્યની ગુણવત્તા અને ભાષાકીય શુદ્ધતા જળવાઈ રહે. વાસ્તવમાં, પ્રિન્ટ અને ડિજિટલ માધ્યમોએ એકબીજાના પ્રતિસ્પર્ધી નહીં, પરંતુ પૂરક બનવું જોઈએ. જે પ્રકારે ઈ-કોમર્સે વેપારના નવા આયામો ખોલ્યા છે, બરાબર તે જ રીતે ઓનલાઈન બુક ક્લબ્સ, પોડકાસ્ટ અને ડિજિટલ સાહિત્યિક ઉત્સવોના માધ્યમથી આપણે વાંચન સંસ્કૃતિને આધુનિક સ્વરૂપમાં પુનર્જીવિત કરી શકીએ છીએ.

## સમાપન

સાહિત્ય એ મનુષ્યના આત્માનો અવાજ છે અને આત્મા ક્યારેય મરતો નથી. માધ્યમ ભોજપત્રથી કાગળ અને કાગળથી સ્ક્રીન હોઈ શકે છે, પરંતુ મનુષ્યની સંવેદનાઓને અભિવ્યક્ત કરવાની ભૂખ ક્યારેય ખતમ નહીં થાય. ડિજિટલ યુગ પડકારો તો લાવ્યો છે, પરંતુ જો લેખક અને વાચક પોતાની ચેતના જાગ્રત રાખે, તો આ યુગ સાહિત્યના વિસ્તારનો સૌથી મોટો કાળખંડ બની શકે છે.

અંતે, સાહિત્યની સફળતા એ વાત પર નિર્ભર નથી કરતી કે તે ક્યાં લખાયું છે, પરંતુ એ વાત પર નિર્ભર કરે છે કે તે વાચકના હૃદયને કેટલું સ્પર્શે છે. ડિજિટલ યુગના આ ઘોંઘાટમાં, આપણે ફરીથી **'મૌન પઠન'** અને **'ગહન ચિંતન'**ની સંસ્કૃતિને બચાવવી પડશે, કારણ કે સાહિત્ય એ માત્ર માહિતી નથી, તે જીવન જીવવાની કળા છે. ॥ઓમશાંતિ ॥

(પેજ નં. 23નું અનુસંધાન)..કુર્મ-વરાહ અવતાર

**પવિત્રતાની શક્તિ દ્વારા આત્માનો ઉદ્ધાર શક્ય છે, રસાતલમાં ગયેલો સંસાર ફરી એકવાર સુખ-શાંતિના ક્ષીર સાગરમાં પહોંચાડી શકાય છે.**

તો ચાલો નરથી નારાયણ બનવાની પ્રક્રિયામાં દિલથી જોડાઈ આત્માને પતિતમાંથી પાવન બનાવી ધરતીને સ્વર્ગ બનાવવા સંપૂર્ણ પવિત્રતાને ધારણ કરીએ અને પવિત્રતાના સાગર શિવ પિતાને પ્રત્યક્ષ કરીએ.

॥ ઓમશાંતિ ॥

# એક બ્રહ્માતનમાં ત્રણ પિતાઓની પાલનાના અધિકારી

# દાદી નિર્મલશાંતાજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



સતયુગ અને ત્રેતાયુગમાં દેવતાઓ એક જ દૈવી પિતા પાસેથી દિવ્ય પ્રેમ મેળવે છે, દ્વાપરયુગ અને કળિયુગમાં ભક્તો 'દૈહિક પિતા અને આત્મિક પરમપિતા ઈશ્વર' આ બે પિતાઓનો સ્નેહ મેળવે છે, જ્યારે સંગમયુગી બ્રાહ્મણો લૌકિક, અલૌકિક અને પારલૌકિક એ ત્રણ પિતાઓ પાસેથી પ્રેમ મેળવે છે! આ અલૌકિક બ્રાહ્મણ પરિવારમાં પણ, આવી પદ્માપદમ ભાગ્યશાળી, એક જ બ્રહ્માતનમાં બિરાજમાન ત્રિમૂર્તિ પિતાઓની પાલના મેળવનાર એકમાત્ર પ્રભુરત્ન હતા 'રાજયોગિની દાદી નિર્મલશાંતાજી', જેમણે પૂર્વજન્મોના પુણ્યકર્મોના પ્રતાપથી લૌકિક પિતા દાદા લેખરાજજી પાસેથી રાજકુમારી જેવો લાડ-પ્યાર, પ્રજાપિતા બ્રહ્માબાબા પાસેથી અલૌકિક રૂહાની દુલાર અને શિવપિતા પાસેથી અપાર પ્રભુ પ્રેમ મેળવ્યો. દાદીજીએ એક જ ભગીરથમાં ત્રણ પિતાઓની છત્રછાયામાં ઉછરનારી એકમાત્ર પુત્રી હોવાનું દુર્લભતમ ગૌરવ પણ મેળવ્યું, જેનો તેમને ઘણો નાઝ અને નશો હતો. દાદીજી ખુમારીથી હસતા-હસતા કહેતા,'મારે તો થ્રી ઈન વન એટલે કે એકમાં ત્રણ પિતા સમાયેલા છે.'

દાદીજીનો જન્મ હૈદરાબાદ (સિંધ)માં શુભ દિપાવલીના બે દિવસ પહેલા ધનતેરસના રોજ ૨૪ ઓક્ટોબર ૧૯૧૬માં થયો હતો. પિતા લેખરાજ કૃપલાણી અને માતા યશોદાએ છ સંતાનોમાં (કિશન, કલાવતી, નવનિધિ (પુટ્ટુ), નારાયણ અને સૂર્યા) આ ત્રીજી પુત્રીરત્નને નામ આપ્યું 'પાર્વતી', પરંતુ પિતા પ્રેમથી 'પાલુ' કહેતા, તો દાદીજી પિતાને 'બાબા' કહેતા. પિતાએ કલકત્તા જઈને, સાથી સેવકરામ સાથે ભાગીદારી કરી 'લખીરાજ - સેવકરાજ એન્ડ સન્સ' નામે હીરા ઝવેરાતનો વેપાર શરૂ કર્યો. ન્યુ માર્કેટમાં '૭-એ, લિન્ડસે સ્ટ્રીટ, સુરાના મેન્શન'ની સાત માળની બિલ્ડિંગમાં પહેલા માળે જ્વેલરીની શોપ અને બીજા માળ પર પરિવારનું નિવાસ હતું. પિતાને બધા 'લખીબાબુ' કે 'દાદા લેખરાજ' કહેતા હતા. ઈશ્વર કૃપાથી ધંધામાં ખૂબ સફળતા હતી, હીરા, માણેક, મોતીઓથી કબાટો ભરેલા હતા, ઘરમાં નોકર-ગાડી બધું જ હતું. દાદીનું બાળપણ રાજકુમારીથી ઓછું નહોતું, તેમના પાલન માટે અંગ્રેજી અને મારવાડી આયા (માતા) હતી. બાબા પાલુને રોજ નવો-નવો ડ્રેસ પહેરાવતા, જૂનાં ડ્રેસ મૈયા ગરીબોને દાનમાં આપી દેતા. લોકો કહેતા 'પહેલા પેટ પૂજા, પછી કામ બીજા' પણ મૈયાનો નિયમ હતો 'પહેલા પૂજા, પછી કામ બીજા', તેઓ પૂજા પછી જ જમવાનું આપતા. પરંતુ સવાર-સવારમાં ભૂખ લાગતી, તો દાદી ગણેશને સજાવતા (દાદી ગણેશજીને પ્રેમથી પ્રિય કાકા ગણેશજી કહેતા)તિલક નાનું-મોટું કરવામાં સમય વિતાવતા, શૃંગાર કરતા, બાબા અને મૈયા ખુશ થઈ ગણેશને નમન કરી, જમવાનું આપતા. જો દાદી ભૂલ કરતા તો માતા ખીજાતા નહીં, પરંતુ મીઠાઈ-બિસ્કિટ આપી પહેલા પ્રેમ, પછી સમજણ આપતા,'બેટા, હવેથી આવું નહીં કરવાનું.'

એક વખત દાદીજીના 'હક્કી' ફોઈ ઘરે

આવ્યા. નાની પાલુ બહારથી રમીને આવી હતી અને સ્નાન કર્યા વગર જ બેઠી હતી, કપડાં મેલા હતા, આ જોઈ ફોઈ માંને બોલ્યા, 'બાળકો પેદા કરતા તો આવડે છે, પણ સંભાળતા નથી આવડતું! મને પાલુ આપી દો.' દાની પિતાએ તરત જ હા કહી અને નિ:સંતાન બહેન હક્કીને દીકરી આપી દીધી. દાદીના કુવા કિસ્મતરામ હાથીરમાનીનો જાપાનમાં ધંધો હતો, ઘર જાપાની રમકડાંઓથી સજાવેલું હતું, પાલુ બંને ઘરો (પિતા અને ફોઈના બે ઘરો) થી બે-બે માતાઓ અને બે-બે પિતાઓ પાસેથી પ્રેમ મેળવવા લાગી, માનો પાલુના બંને હાથમાં લાડુ! માતા-પિતાએ દીકરીમાં પ્રેમથી ઉચ્ચ સંસ્કારો ભર્યા. નાની પાલુને બાબા રોજ ખિસ્સાખર્ચી આપી કહેતા, 'ચોકલેટ બિસ્કિટમાં બધા પૈસા ખર્ચ ના કરી કંઈક દાન કરીશ તો આવતા જન્મમાં મહારાણી બનીશ.' તો તેઓ બધા પૈસા ભિખારીને આપી દેતા. એકવાર ગરીબ બ્રાહ્મણ માતા આવીને મૈયાને બોલી, 'દીકરીના લગ્નમાં પૈસા જોઈએ છે.' તો માં બોલી, 'બાબુજીને પૂછીશ'. પાલુએ આ સાંભળ્યું તો તેને સોનાની બંગડીઓ આપીને કહ્યું, 'દીકરીને પહેરાવી દેજો.' માતાએ મેનેજરને જણાવ્યું, મેનેજરે બાબાને પૂછ્યું તો તેઓએ હા પાડી. દિવસે બાબાએ ખાલી હાથ જોઈ પૂછ્યું, 'પાલુ, બંગડીઓ ક્યાં છે?' તો તે બોલી, 'માતાને દાન કરી, ત્યાંથી પાછી લાવું?' તો બાબા હસીને બોલ્યા, 'સારું, દાન કર્યું, કોઈ વાંધો નહીં!' પુણ્ય કાર્ય કરવા પર બાબા ખોટું ન લગાડતા, ઉલટાનું શાબાશી આપીને દાન આપવા માટે પ્રેરિત કરતા.

એક દિવસ બાબા ગાદી (શોપ) પર હીરા પારખી રહ્યા હતા, તેમને એકલા જોઈ પાલુ બાબાના ગળામાં પાછળથી હાથ નાખીને ઝૂલવા લાગી. તો બાબાના હાથમાં રાખેલી પડીકીને ધક્કો લાગ્યો અને હીરા વેરાઈ ગયા તો બાબા બોલ્યા, 'બેટી શું કર્યું? હું હીરા અલગ કરી રહ્યો હતો.' પછી બાબાએ પાન ખવડાવીને મોકલી દીધી. બીજે દિવસે ઈડન ગાર્ડન ફરવા ગયા તો પાલુ યુક્તિથી બોલી, 'પેટમાં દુખે છે, ઘરે ચાલો' વાત સાચી માની બાબા બગીચામાં રોકાયા અને ડ્રાઈવરને ઘરે મૂકવા મોકલ્યો. પાલુ દુકાનમાં ગઈ, મુનીમજી બોલ્યા, 'સવાર-સવારમાં કેમ આવી?' તો તે બોલી, 'કામ છે' પછી ગાદીની ચાદર નીચેથી હીરા કાઢ્યા, પડીકી બનાવી, ખિસ્સામાં મૂકી અને ઘરે ગઈ. પછીથી બાબા આવ્યા, સામાન વેરવિખેર જોઈ મુનીમને પૂછ્યું, 'આ કોણે કર્યું?' તેમણે કહ્યું, 'પાલુ આવી હતી, તે હીરા લઈને ગઈ.' આખી વાત સમજીને બાબા બેફિકર થઈ ઘરે ગયા. તેમને જોઈ પાલુ ડરવા લાગી, પણ જાણવા છતાં બાબાએ ક્રોધ ન કર્યો. દુકાને જતી વખતે બાબા બોલ્યા, 'આજે સોની ફ્રી છે, કંઈ જોઈતું હોય તો બનાવી આપશે.' તો પાલુ બોલી, 'મ્યુઝિક વાળું બકલ બનાવી દો!' યુક્તિથી બાબા બોલ્યા, 'આમાં હીરા ઘણા લાગશે, દિકરી તારી પાસે છે?' ભોળપણથી પાલુએ કહ્યું, 'હા બાબા' તો ચતુરસુજાન બાબાએ ખીજાયા વગર હીરા લઈ લીધા. બાબા પાલુને નવા-નવા ઘરેણાંથી સજાવીને લઈ જતા, તો ગ્રાહકો એવા જ ઘરેણાંનો ઓર્ડર આપતા. ત્યારે બાબા બીજું આપવાનો વાયદો કરી, એ ઘરેણું ગ્રાહકોને આપી દેતા, આ જોઈ પાર્ટનર કહેતો, 'દાદા દિકરીએ પહેરેલું ઘરેણું કેમ આપી દો છો?' તો તેઓ કહેતા, 'કન્યા તો દેવી હોય છે, તેને પહેરાવવાથી કિંમત સારી મળે છે.' એકવાર સૂર્યના કિરણો જેવી ડિઝાઈનનું ટ્યુનવાળું બકલ પહેરાવીને રાજકુમારી જેવી પાલુને રાણી એલિઝાબેથ પાસે લઈ ગયા, તો રાણીએ તેવા જ બકલનો ઓર્ડર આપ્યો. તો

બાબાએ ઘરે આવીને પાલુ પાસેથી એ જ બકલ લઈ રાણીને મોકલ્યું. (વિશેષ વાત - દાદી નિર્મલશાંતાજી ૧૯૮૦માં લંડન ગયા હતા, ત્યારે રાજમહેલમાં બકલ જોઈ પૂછ્યું, 'આમાં ટ્યુન વાગે છે ને?' તો મેનેજરે ડરીને રાણીને જણાવ્યું, ત્યારે રાણીએ બોલાવ્યા અને જોતા જ ઓળખીને તે બોલ્યા, 'બકલ એમના પિતા પાસેથી લીધું છે, તેઓ ખૂબ જ સ્વીટ સ્વભાવના હતા.' પછી દાદી નિર્મલશાંતાજીને સ્નેહ સન્માન આપી જ્યુસ પીવડાવી આતિથ્ય સત્કાર કર્યો.)

પાર્વતી પંદર વર્ષની થઈ તો બાબાએ સિંધના મુખિયાના ઘરમાં મોતીરામ મુખી સાથે લગ્ન કરાવ્યા. પાર્વતીએ પિયરમાં ન રસોઈ બનાવી હતી, ન બીજું કોઈ કામ કર્યું હતું. તેથી તેમને સાસુ પોતે હળવું કામ શીખવતા હતા. એક દિવસ તેઓ ચોખા ધોતા-ધોતા મગ્ન થઈ ગયા અને ચોખાનું ગંદું પાણી કાઢતી વખતે હીરાની વીંટી ગટરમાં વહી ગઈ. ખાલી આંગળી જોઈ સાસુ બોલ્યા, 'આમાં તો હીરાની વીંટી હતી, ક્યાં ગઈ?' સાસુ ચિંતાથી ઉદાસ થઈ ગયા. પરંતુ તેઓ બોલ્યા, 'માંજી કોઈ વાંધો નહીં, બાબુજી બીજી બનાવી દેશે, મારા ઘરમાં તો આનો ભંડાર છે.' તો વહુની સમજણ, ત્યાગ, લોભમુક્ત સ્થિતિથી સાસુ ખૂબ જ પ્રભાવિત થયા. લગ્ન પછી પણ તેઓ પિયર આવતા જતા. બાબા રોજ રાત્રિ ભોજન માટે ગાડી મોકલતા અને કારથી પોતે મૂકવા જતા. શિવબાબાની પ્રવેશતાથી બાબામાં અચાનક પરિવર્તન આવ્યું. બાબા ઓમધ્વનિ કરતા તો સાક્ષાત્કાર થતા. એક દિવસ બાબા બોલ્યા, 'દિકરી સત્સંગમાં જ્ઞાન સાંભળ', તો તેમણે ટાળી દીધું. એક દિવસ મળીને જતી વખતે તેઓ બોલ્યા, 'કાલે લેવા ગાડી મોકલજો.' તો બાબા બોલ્યા, 'કાલનું કાલે જોઈશું.' તો તેઓ દુઃખી થઈ સાસરે ગયા, વિચારતા રહ્યા કે બાબા આવું કેમ બોલ્યા? રાત્રે સ્વપ્નવત સ્થિતિમાં સાક્ષાત્કાર થયો, તેઓ મોનોએક્ટિંગ જેવું ક્યારેક શ્રીકૃષ્ણ તો ક્યારેક બાબાને જોતા. પછી અવાજ આવ્યો, 'ઉઠો, જાગો, તમારે વિશ્વનું કલ્યાણ કરવાનું છે.' આ સાંભળી આંખો ખૂલી અને બાબા જ શ્રીકૃષ્ણ છે એવો નિશ્ચય થયો, મનોમન પ્રતિજ્ઞા કરી કે બાબા જે કહેશે તે જ કરીશ, આ વિચારતા વિચારતા સવાર પડી અને લૌકિક બાળકીને જન્મ આપ્યો. બાબા સાંજે મળવા આવ્યા. ત્યારે તેઓ સમજ્યા કે બાબા કેમ બોલ્યા હતા? કાલનું કાલે જોઈશું. તેઓ બાબાને વળગીને કહેવા લાગ્યા, 'બાબા સાચે જ તમારામાં ભગવાન છે.'

બાબા રોજ કાર મોકલતા તો દાદી સત્સંગ જતા. બાબા કહેતા, 'કામ વિકાર-નરકનું દ્વાર, દેવતા બનવું હોય તો પવિત્ર બનો.' દાદી ઘરના લોકોને કહેતા, 'હું બ્રહ્મચર્યમાં રહીશ.' તો ઝઘડો શરૂ થયો. એક દિવસ સસરાએ ડ્રાઈવરને પાછો મોકલ્યો અને દાદીને રોકીને કહ્યું, 'તમારે જ્ઞાન નથી સાંભળવાનું.' તેઓ બોલ્યા, 'કેમ નહીં?' તો સસરા ગુસ્સાથી બોલ્યા, 'જઈશ તો ટાંટિયા તોડી નાખીશ.' તો તેઓ બોલ્યા, 'મારા માં-બાપે એટલા માટે આપી છે શું?' તો તેઓ બોલ્યા, 'બાપને મળવા ગાડી મોકલીશું, પણ કથા નથી સાંભળવાની.' તો તેઓ બોલ્યા, 'હું ચાલતા જ જઈશ.' સસરા બોલ્યા, 'તાકાત હોય તો જઈને બતાવો.' તો તેઓ ચાલી નીકળ્યા, થોડું ચાલીને થાકી ગયા. તેટલામાં બળદગાડું આવ્યું તો બેસી ગયા. ગાડાવાળો ડરવા લાગ્યો, પણ તેઓ બોલ્યા 'ગામ આવતા જ ઉતરી જઈશ.' ગલી પાસે ઉતરી તેઓ બોલ્યા, 'કેટલા પૈસા આપું?' તો તે 'ના' બોલ્યો. ઘરે પહોંચ્યા તો માં બોલી, 'કેવી રીતે આવી?' બાબા બોલ્યા, 'ચાલતા આવી શું?' તેઓ

બોલ્યા 'નહીં, બળદગાડામાં!' અને ઝઘડાનો કિસ્સો સંભળાવ્યો તો બાબા બોલ્યા, 'દિકરી કંસ અને કૃષ્ણની રમત ચાલી રહી છે. દિકરી એક દિવસ ના રોકાઈ શકે?' તો દાદી બોલ્યા, 'તમે કહો છો, રોજ જ્ઞાનામૃત પીવું-પીવડાવવાનું છે, કેવી રીતે છોડું? હું પાછી નહીં જાઉં.' તો બાબા ચૂપ રહ્યા, પછી બાબા કરાંચી ગયા. દાદીના સાસુને બાબામાં શ્રદ્ધા હતી, તેઓ કહેતા, 'દુનિયા નથી જાણતી-તમારા મહાન બાબામાં ભગવાન છે.' તેઓ સાસરેથી નીકળવા લાગ્યા તો સાસુ બોલ્યા, 'થોડા દિવસ રહીને આવ, તું બેબીને સંભાળી નહીં શકે, હું સંભાળીશ.' દાદી સદા માટે બાબાના થઈ ગયા, પછી ક્યારેય પાછા ફર્યા નહીં.

દાદીજી સમર્પિત થયા તો અવ્યક્ત બાબાએ દાદીજીને નામ આપ્યું, 'નિર્મલશાંતા'. મધુબન નિવાસી સ્નેહથી તેમને 'પરદાદી' કહેતા. એક દિવસ સાગર કિનારે એક બહેન ધ્યાનમાં ગયા અને દાદીની સામે જઈને બૂમો પાડવા લાગ્યા, 'આની આંખોમાંથી આગ નીકળી રહી છે, સમુદ્ર સુકાઈ રહ્યો છે, પ્રલય થઈ રહ્યો છે, પ્રલય!' બાબાએ તેમની આંખો બંધ કરી તો તેઓ શાંત થયા, પછી બાબા દાદીને 'પ્રલય' કહેતા. બાબા અને મમ્મા સેવા આપતા, દાદીની સેવાની વારી આવી. બાબા લૌકિકમાં કંઈ કરવા દેતા નહોતા, બાબા લૌકિકથી અલૌકિક બન્યા, તેમનામાં પારલૌકિક પિતા આવ્યા તો ટોપીઓ બનાવવી, ગાડી ચલાવવી બધું શીખવાડ્યું. દાદી કંતાનનો ડ્રેસ પહેરી ગાડીની નીચે જઈને, રિપેરિંગ-સફાઈ કરતા. એક વાર આખી ગાડી ખોલી, એક-એક સ્પેરપાર્ટ સાફ કરી ગાડી ફિટ કરી. એક વખત એક ભાઈ બોલ્યા, 'ચપ્પલ તૂટી ગયા છે', તેઓ બોલ્યા, 'મોચીને આપો', આ સાંભળી બાબા બોલ્યા, 'દિકરી, મોચી જેટલી પણ અક્કલ નથી! ચાલી વિશ્વમહારાણી બનવા!' દાદીએ સામાન લાવી બાબા માટે ચપ્પલ બનાવ્યા, તો બાબા ખુશ થયા. ભારત વિભાજનમાં તોફાનો શરૂ થયા તો કર્ફ્યુ લાગ્યો. તેઓ બાબાને કારમાં લઈ જઈ રહ્યા હતા. પોલીસે સીટી વગાડી અને રોકાવા કહ્યું, પણ તેઓ રોકાયા નહીં. બાબા બોલ્યા, 'દિકરી વળતી વખતે પકડશે.' તો તેઓ તે જ રસ્તેથી ગયા, પ્રસાદ આપી પોલીસને બોલ્યા, 'ગાડીમાં ખુદા દોસ્ત હોય તો રોકતા નહિં', પછી ક્યારેય રોકતા નહીં. કર્ફ્યુમાં બાબા માર્કેટમાંથી શાકભાજી લેવા મોકલતા, તેઓ ગાડીમાં શાકભાજી ભરીને લાવતા અને તોલીને પૈસા આપી આવતા. ઉદારદિલ બાબા કહેતા, 'તેમણે સમયસર શાકભાજી આપી, પૈસા ઓછા નહીં વધારે આપવા.' એકવાર મમ્માએ વાસણ ઘસવાની ડ્યુટી આપી, દાદીના હાથ તપેલાના તળિયે ન પહોંચ્યા, તેઓ રાખ નાખી પગથી ઘસવા લાગ્યા-આ જોઈ બાબા બોલ્યા, 'તપેલામાં ડાન્સ કેમ કરી રહી છે?' તો તેઓ બોલ્યા, 'તપેલું ઘસી રહી છું.' તો બાબાએ મમ્માને કહીને એ ડ્યુટી છોડાવી.

કરાંચીમાં મકાન જોઈતુ હતું, તો બાબાએ કહ્યું, 'દિકરી, અલ્લાહ બક્ષ (ગૃહમંત્રી) પાસેથી બંગલાની ચાવી લઈ આવો.' છૂટા વાળ અને ફ્રોકમાં દાદીજી જાતે ગાડી ચલાવીને ગયા તો સેક્રેટરીએ રોક્યા નહીં, તે અંદર જઈને બોલ્યો, 'એક બેબી મળવા આવી છે.' મંત્રી બોલ્યા, 'મોકલો', દાદીએ કહ્યું, 'ખુદાને યાદ કરવા માટે મકાન જોઈએ છે', તો મંત્રી હસીને બોલ્યા, 'મકાન કોઈ રમકડું છે!' તો દાદી બોલ્યા, 'ખુદાએ તમને બક્ષિસ આપી છે, તમારા માટે તો રમકડાં છે.' પછી સેક્રેટરી પાસેથી બંગલો પસંદ કરી દાદી ચાવી લઈ આવ્યા. વિરોધીઓએ બાબા પર કેસ કર્યો તો દાદી કોર્ટમાં ગયા. જજે પૂછ્યું,

'કેસ બાબા પર છે, તમે કેમ આવ્યા?' તો તેઓ શાંત રહ્યા. જજ ફરી બોલ્યા, 'બહેનજી, સાંભળ્યું નહીં, તમારી પાસે ભાઈ નથી શું?' તેઓ બોલ્યા, 'તમે મને બહેનજી કહ્યું તો તમે મારા ભાઈ થઈ ગયા, એક ભાઈ વધી ગયો, હું ભાઈ ગણી રહી હતી!' તો જજ શાંત થયા અને કેસ જ ખતમ કરી દીધો.

૧૪ વર્ષની ભઠ્ઠી પૂરી થઈ, બાબા મમ્મા સાથે બધા આબુ આવ્યા. બાબાએ દાદીજીને સેવા માટે પંજાબ મોકલ્યા. અમૃતસરમાં અચલદીદી, પ્રેમદીદી, રાજદીદી અને શુક્લાદીદી નીકળ્યા. નિર્મલશાંતા દાદીજી જાલાનબાબુના નિમંત્રણથી પટણા ગયા. પછી મુંબઈ ગયા. બાબાએ કલકત્તા મોકલ્યા, ત્યાં સત્યવતીદીદી, શીલાદીદી, મુન્નીદીદી, નીલમદીદી, કમલાદીદી અને રુક્મિણીદીદી જેવા રત્નો નીકળ્યા અને ઈસ્ટર્ન ઝોનના હેડ બની બંગાળ, બિહાર, આસામ, ઓરિસ્સા, નેપાળમાં સેવાઓ વધારી. દાદી **નિર્મલશાંતાજી** બ્રહ્માકુમારીઝના સંયુક્ત મુખ્ય પ્રશાસિકા પણ રહ્યા.

ફાયર સેફ્ટી વિભાગના રમેશભાઈ દાદીજીના સંસ્મરણો સંભળાવે છે, 'દાદીજી તો મમતામયી માં, પ્રેમની દેવી હતા, દરેક વ્યક્તિને અટેન્ડ કરી ધ્યાન રાખતા. ૧૯૮૨માં કલકત્તા મેળામાં અમે ૭-૮ કુમાર ટ્રેનથી હાવડા પહોંચ્યા. મેળામાં ભોજન માટે ભીડ હતી. અમે થાક્યા હતા તો ટેન્ટમાં જઈને સાથે લાવેલ સત્તુ (શેકેલા ચણાના પાઉડરને પાણીમાં ઓગાળી બનાવવામાં આવતુ પીણું) પીને સુઈ ગયા. રાત્રે ૧૧.૩૦ વાગ્યે દાદી મોટું ટિફિન લઈને અમને શોધતા શોધતા આવ્યા અને જગાડીને બોલ્યા, 'જમી લો' અમે બોલ્યા, 'જમી લીધું' તો પૂછ્યું 'શું ખાધું?' તો કહ્યું 'સત્તુ!' પછી સત્તુ-ગોળ મિક્સ કરીને ચખાડ્યું તો ક્લાસમાં મહિમા કરી. તેઓ ઈકોનોમીના અવતાર હતા. હું એકવાર મળવા ગયો, રૂમમાં કચરો જોઈ પૂછ્યું, 'ઝાડુ મારું' તો હા પાડી. ઝાડુ મારતી વખતે નાનકડી ઓલ પિન મળી, દરકાર કર્યા વગર મેં સુપડીમાં નાખી તો દાદી બોલ્યા, 'પિન લઈ લો, એ પણ કામની છે.'

દાદીજીના હર્ષિત ચહેરામાં બાબાની છબી દેખાતી હતી! દાદીજી બ્રહ્માબાબાની ડિટ્ટો કોપી હતા! મુજ આત્માને પણ તેમના નિખાલસ સ્નેહામૃત પાન કરવાનું ભાગ્ય મળ્યું. દાદી કોઈ બનાવટ વગર ખૂબ જ સહજતાથી મળતા અને સાકાર બાબાનો અનુભવ કરાવતા. એકવાર વિદેશી ભાઈ સાથે મુલાકાત કરાવીને પરિચય આપ્યો તો બોલ્યા, 'કોઈ પણ હોય, મારો ભાઈ છે', આ હતી તેમની સમદ્રષ્ટિ. આવા મીઠા મીઠા, પ્યારા પ્યારા બ્રાહ્મણ પરિવારની આન-બાન-શાન એવા પરદાદી ૧૫ માર્ચ ૨૦૧૩ના રોજ ભૌતિક કાયા ત્યજી એડવાન્સ પાર્ટીમાં સેવાર્થે ચાલ્યા ગયા.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

બ્રહ્માકુમારી વિદ્યાલયનો ઈતિહાસ જાણવા માટે અને પ્રજાપિતા બ્રહ્માની જીવન કહાની જોવા માટે હિન્દી ફિલ્મ **'ભાગ્ય વિધાતા'** અવશ્ય જુઓ. હવે youtube ઉપર ફ્રી જોઈ શકો છો... બ્રહ્માકુમારી ફિલ્મ **'ભાગ્ય-વિધાતા'** લખીને સર્ચ કરવું. અથવા QR Code સ્કેન કરશો તો પણ **'ભાગ્ય-વિધાતા'** ફિલ્મ ખુલશે.

(પેજ નં. 07નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

ધ્યાન કરીશુંતે આપણી અનુભૂતિમાં પણ આવવા લાગે છે. પછી એને પૂરા કરવાનું આસાન બની જાય છે. હવે એ દૃશ્ય નિર્મિત કરો કે તે જ કોમ્પ્યુટર છે, તે જ લોકો છે પણ આપણે શાંત છીએ. સ્વયંને શાંત સ્વરૂપમાં જુઓ. હવે એ અનુભવ કરો કે શાંતિ મારા સ્વરૂપમાં જ આવી જશે, તો જીવન કેવું બનશે. આ લક્ષ્ય નિર્ધારણ છે. આપણે લક્ષ્યને પાક્કું કરીએ પછી એને નિયમિત કરીને મનમાં વ્યવસ્થિત કરી દઈએ તો પછી એ સમગ્ર દિવસ દરમિયાન ચાલશે.

આપણું ચેતન મન રોજેરોજના સંકલ્પ કરે છે. જ્યારે તે ધીરે ધીરે બંધ થઈ જાય છે ત્યારે આપણે અવચેતન મન પર આવી જઈએ છીએ. અવચેતન મન આધાર છે. જ્યાં આપણા ગહન સંકલ્પ બેઠેલા છે. એ મૌનની અવસ્થામાં આપણે જે બીજ વાવીશું, જે સંકલ્પ કરીશું તે આધાર બની જશે. આપ દરરોજ પોતાની સાથે બેસો અને સ્વયં સાથે વાતો કરો કે લોકો જે કરી રહ્યા છે તે પોતાની ક્ષમતા, ગતિ, પોતાની સારા ખોટાની પરિભાષાથી કામ કરી રહ્યા છે. હું એનો સ્વીકાર કરી શકું છું પણ આપણી અપેક્ષા દરેક પાસેથી પૂરી થતી નથી. ઘણી ગહનતાથી શાંત મનમાં આ નાંખવાનું છે. આપણે આપણા મનમાં જે માન્યતાઓ નાંખીશું, મન એના ઉપર દિવસ પર્યંત કામ કરતું રહેશે. એક દિવસ નવી માન્યતાઓને લઈને ચાલીશું તો સમગ્ર દિવસમાં એનું પરિણામ દેખાય દેશે. થોડા દિવસમાં એ અનુભવ કરશો કે નવી માન્યતા મજબૂત બની રહી છે.

॥ ઓમશાંતિ ॥

# આપની નમ્રતા જ ઊંચાઈ પર લઈ જાય છે

શું વિનમ્ર બનવું, કોઈની આગળ નમવું તે શું કમજોરી  યા મૂર્ખતા છે. આજકાલ વિનમ્ર વ્યક્તિ વિશે લોકો આવું માની લે છે વેદોમાં તો કેટલાક મંત્ર ગજબના છે. એક મંત્ર છે - ‘नम इदुग्रं नम आ विवासे नमो दीधार पृथिवीमुतद्याम्। नमो देवेभ्यो नम ईश एषां कृतं नमसा विवासे।’

એનો અર્થ છે નમ્રતા જ ઊંચી છે. હું નમ્રતાની ઉપાસના કરું છું. એ નમ્રતારૂપી પરમેશ્વરે પૃથ્વી અને સ્વર્ગ ધારણ કર્યાં છે. સર્વ દેવો માટે નમ્રતાપૂર્ણ નમસ્કાર જે પાપ મેં કર્યાં છે તે નમ્રતાથી દૂર કરું છું. અહીં નમ્રતા શબ્દનો ઉપયોગ પરમેશ્વર માટે કર્યો છે. પરમાત્માને નિરહંકારી હૃદય જ ઓળખી શકે છે. અહંકાર દૂર કરવા માટે નમ્રતા બહુ જરૂરી છે. ત્રણ અક્ષરોનો મંત્ર છે ॐ નમો ॐ  અને બંને નમો બે ભગવાનનાં નામ બતાવ્યાં છે. નામ શબ્દ નમ્ ધાતુથી બનેલો છે. અને એમાં નમ્રતા, નમસ્કાર સમાયેલ છે. મહાપુરુષોએ પરમાત્માને સંબોધિત કરતાં પ્રાર્થના કરી છે - ‘હે નમ્રતાના સમ્રાટ, તારી નમ્રતા તું અમને આપી દે. ઈશ્વર ખરેખર બહુ જ વિનમ્ર છે. સૌને મદદ કરે છે. અને પોતે જે કર્યું તેનો અહંકાર રાખતા નથી. નમો અર્થાત્ નમનાર, નમ્રતાનો એક અર્થ લચીલાપન પણ છે અને જેમાં લચીલાપન હશે, એનામાં તનાવ ઓછો હશે. એટલે ખૂબ કામ કરો નામ પ્રતિષ્ઠા કમાવો. પરંતુ પોતાની નમ્રતા જાળવી રાખો. એક દિવસ આ નમ્રતા આપને એ ઊંચાઈ પર લઈ જશે, જ્યાં આપ સફળ પણ થશો, પ્રસન્ન પણ રહેશો.

॥ ઓમશાંતિ ॥

## સાગર મંથનથી હોળી દહન સુધી -

# કુર્મ-વરાહ અવતારનું તત્વ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

ગતાંકમાં આપણે દશાવતારના પ્રથમ અવતાર ‘મત્સ્ય અવતાર’ને આધ્યાત્મિક દૃષ્ટિથી સમજવાનો પ્રયાસ કર્યો. તે દરમિયાન સ્પષ્ટ થયું કે અવતાર કોઈ દેહધારી ઘટના નથી, પરંતુ આત્માની રક્ષા અને જ્ઞાનના પ્રાગટ્યની પ્રક્રિયા છે. શિવરાત્રી સાથે મત્સ્ય અવતારનો સંબંધ સમજતા આ સત્ય પ્રકાશમાં આવ્યું કે જ્યારે આત્મા અજ્ઞાનતાની નિદ્રામાં પોઢી જાય છે ત્યારે દેહાભિમાનરૂપી હયગ્રીવ અસુર વેદોને ચોરી કરી જાય છે. ત્યારે નિરાકાર શિવ પરમાત્મા જ્ઞાન-યોગરૂપી નાવ મોકલી આત્માઓનું રક્ષણ કરે છે. આ વિચારધારાને આગળ વધરતાં, અન્ય અવતારો તરફ નજર કરતાં એવું અનુભવ્યું કે દરેક અવતાર માનવ આત્માની કોઈ ને કોઈ અવસ્થાનું પ્રતીક છે.

લેખકે જ્યારે કુર્મ અવતાર અને વરાહ અવતારને પણ સમજવાનો પ્રયાસ કર્યો ત્યારે પરમ પ્યારા શિવપિતાએ જ્ઞાનની કેટલીક મહત્વની પોઈન્ટ્સને બુદ્ધિને ઊંડે સુધી સ્પર્શ કરાવી. આ સંદર્ભમાં હોળીનું આધ્યાત્મિક રહસ્ય પણ સ્પષ્ટ થયું.

**અત્રે આ લેખમાં લેખકની કલમે આધ્યાત્મિક પ્રવાહ સાથે, અવતારોના રહસ્યોને કથા નહીં પરંતુ આધ્યાત્મિક અનુભવ અને સ્વ-પરિવર્તનની દૃષ્ટિથી સમજવાનો પ્રયાસ કર્યો છે. શ્રદ્ધા કરતાં વધુ જ્ઞાન, મનન અને અનુભવ તરફ લઈ જતું એક પગથિયું બનશે, જ્યાં અવતાર એટલે પરમાત્મા દ્વારા આત્માને નરથી નારાયણ બનાવવાની પ્રક્રિયા અનુભવાશે.**

### કુર્મ અવતારની વાર્તા (સાગર મંથન)

દશાવતારમાં બીજા અવતાર તરીકે કુર્મ અવતારનું વર્ણન કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે લોકો તેને કાચબાના શારીરિક અવતાર તરીકે જુએ છે, પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો કુર્મ અવતાર પણ કોઈ દેહધારી અવતાર નહીં પરંતુ આધ્યાત્મિક સાધનાનો ઊંડો સંકેત છે. સૌ પ્રથમ કુર્મ અવતારની પ્રચલિત કથાને સંક્ષિપ્તમાં જાણીએ.

પ્રાચીન કાળમાં દેવતાઓ અને અસુરો વચ્ચે સતત સંઘર્ષ ચાલતો હતો. દેવતાઓ પોતાની શક્તિ ગુમાવી રહ્યા હતા. ત્યારે દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે ગયા અને રક્ષા માટે પ્રાર્થના કરી. ભગવાન વિષ્ણુએ ઉપાય બતાવ્યો- ‘સાગરનું મંથન’. આ મંથનથી અમૃત નીકળતા અમૃતપાનથી દેવતાઓ ફરી અજર-અમર બની શકે. તેથી સાગર મંથનની વ્યવસ્થા રૂપે મંદાર પર્વત (મંથન દંડ), વાસુકી નાગ (દોર)ની વ્યવસ્થા કરી. દેવતાઓ અને અસુરો બંને મળીને મંથન કરવા લાગ્યા પરંતુ એક મોટી મુશ્કેલી આવી. મંદાર પર્વત ભારે હોવાથી તે સાગરમાં ડૂબવા લાગ્યો. આખું મંથન અટકી ગયું. ત્યારે ભગવાન વિષ્ણુએ કાચબાનો (કુર્મ) અવતાર લીધો. એમણે પોતાની પીઠ પર મંદાર પર્વતને સ્થિર રાખ્યો. કાચબાની પીઠ પર પર્વત ટક્યો, અને ફરીથી સાગર મંથન શરૂ થયું. આ મંથનમાંથી ઘણી અદભૂત વસ્તુઓ નીકળી. સૌ પ્રથમ હલાહલ ઝેર ત્યારબાદ કામધેનુ, કલ્પવૃક્ષ, લક્ષ્મીજી અને અંતે અમૃત કળશ નીકળ્યું. આ

રીતે કુર્મ અવતારે દેવકાર્ય સફળ કર્યું.

## કુર્મ અવતાર - મનરૂપી સાગર મંથનનું આધ્યાત્મિક રહસ્ય

વૈજ્ઞાનિક રીતે વિચારીએ તો પરમાત્માને કાચબાનો અવતાર લેવાની કોઈ આવશ્યકતા નથી. પરમાત્મા જ્યારે આ ધરતી પર અવતરિત થાય છે, ત્યારે તેમનું લક્ષ્ય હોય છે, 'નરને નારાયણ બનાવવું', માનવને દેવત્વ તરફ લઈ જવું. આ પરિવર્તન માટે પરમાત્મા જ્ઞાન આપે છે, અને આ જ્ઞાનને જીવનમાં અનુભવવા માટે જે પ્રક્રિયા છે, તેને શાસ્ત્રોમાં સાગર મંથન તરીકે દર્શાવવામાં આવી છે. આધ્યાત્મિક દૃષ્ટિથી આ મંથન સ્થૂળ સાગરનું નહીં, પણ વિચાર સાગર મંથન છે. અહીં સાગર એટલે પાણીનો સાગર નહીં, પરંતુ મનરૂપી સાગર છે. સાગરને સંસાર સાથે પણ સરખાવવામાં આવે છે. વળી મનમાં જ સંસાર સમાયેલો છે. માટે મનને સાગર સાથે સરખાવવામાં આવેલ છે. પરમાત્મા શિવ અવતરિત થઈ જયારે મનુષ્યને આત્મા, પરમાત્મા, સૃષ્ટિ ચક્રનું જ્ઞાન આપે છે, રાજયોગ શીખવે છે ત્યારે મનુષ્યમાંથી દેવતા, નરમાંથી નારાયણ બનવાની પ્રક્રિયા શરૂ થાય છે. રાજયોગનું પ્રથમ પગથિયું છે - વિચાર સાગર મંથન! **જ્યારે આપણે પોતાના મનની અંદર વિચારોનું મંથન કરીએ છીએ, આત્મચિંતન કરીએ છીએ, ત્યારે અંદર દ્વંદ્વ ઊભા થાય છે. આ દ્વંદ્વ જ દેવ અને દૈત્ય છે – અવગુણો અને ગુણો, વિકાર અને સંસ્કાર, અજ્ઞાન અને જ્ઞાન. આપણે અનુભવી છીએ કે** જ્યારે જ્ઞાનના આધારે મનમાં વિચાર સાગર મંથન થાય છે, ત્યારે શરૂઆતમાં વિકાર રૂપી ઝેર બહાર આવે છે. આ ઝેર એટલે ક્રોધ, કામ, લોભ, અહંકાર, ઈર્ષા જેવા સંસ્કાર. વળી શાસ્ત્રોમાં દર્શાવ્યું છે કે આ ઝેર ભગવાન શિવે ગ્રહણ કર્યું – તેનો અર્થ એ કે આપણે આપણા વિકારોને પરમાત્માને સમર્પણ કરવા છે, આપણે તેને પોષવા નથી.

## કુર્મનો ભાવ - ઈન્દ્રિય સંયમ અને આત્મનિરીક્ષણ

કુર્મ એટલે કાચબો. કાચબાની વિશેષતા એ છે કે તે જરૂર પડ્યે પોતાની તમામ કર્મેન્દ્રિયો અંદર ખેંચી લે છે. આ જ કુર્મ અવતારનો આધ્યાત્મિક સંદેશ છે. પરમાત્મા કહે છે – 'સ્વ-નિરીક્ષણ અને સ્વ-અન્વેષણ માટે મન, બુદ્ધિ, સંસ્કાર તેમજ તમામ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોને સંકેલી લો.' જ્યારે મનને એકાગ્ર કરીને **મંદરાચલ (મન+દર+આંચલ)** પર્વત સમાન સ્થિર બનાવવામાં આવે છે, ત્યારે વિચારોનું સાચું સાગર મંથન શરૂ થાય છે. વિચાર સાગર મંથન કરવાથી ઝેર પછી જે ઉત્પન્ન થાય છે તે છે સાત સૂંઢવાળો સફેદ ઐરાવત હાથી. ઐરાવત હાથી રાજા ઈન્દ્રના વાહન તરીકે પ્રચલિત છે. આ આત્માની ઈન્દ્રિયજીત અવસ્થાનું પ્રતિક છે. ઐરાવત હાથી એટલે કે આત્માના સાત ગુણોનું પ્રાગટ્ય! આ કોઈ ભૌતિક હાથી નથી, પરંતુ તે આત્માનું પ્રતિક છે. સફેદ રંગ પવિત્રતા તેમજ સાત સૂંઢ એટલે આત્માના સાત મૂળભૂત ગુણો (શાંતિ, પ્રેમ, પવિત્રતા, આનંદ, શક્તિ, જ્ઞાન, સુખ)ને દર્શાવે છે. જ્યારે આત્મા પોતાના આ સાત ગુણોને અનુભવે છે, ત્યારે મનુષ્ય ધીમે ધીમે ઈન્દ્રિયજીત બનતો જાય છે. ઇન્દ્રિયો આત્માના નિયંત્રણમાં આવી જાય છે.

## લક્ષ્મી અને અમૃત અર્થાત પ્રાપ્તિની અનુભૂતિ

ત્યારબાદ સાગર મંથનમાં લક્ષ્મી પ્રગટે છે, અમૃત મળે છે. આ કોઈ બહારથી મળતી વસ્તુ નથી, પરંતુ અંદરથી થતી અનુભૂતિઓ છે. લક્ષ્મી

એટલે ગુણોની સમૃદ્ધિ, અમૃત એટલે આત્મિક સ્થિતિ. આત્મા અજર અમર અવિનાશી છે. જયારે મનુષ્ય આત્મ-અભિમાનમાં જીવતો થઇ જાય છે ત્યારે તે આનંદ, સ્થાયી સુખ, અમરત્વની સ્મૃતિમાં રહે છે. આ પ્રાપ્તિઓ દર્શાવે છે કે જ્યારે મનરૂપી સાગરનું મંથન યોગ્ય વિધિથી થાય છે, ત્યારે આત્મા પોતાના મૂળ સ્વરૂપને ઓળખી લે છે.

આમ પણ શાસ્ત્રોમાં કહ્યું છે કે હે નર તું એવી કરણી કર જેથી તું નારાયણ બની જાય. નરથી નારાયણ બનવાની આ પ્રક્રિયામાં દરેક અવતારને વિષ્ણુ સાથે જોડ્યા છે. મનુષ્યને વિષ્ણુ બનવા માટે વિષ્ણુના અવતારની અવસ્થાનો અનુભવ કરવો જ રહ્યો. કુર્મ અવતાર બાદ વરાહ અવતારને સમજવાનો પ્રયાસ કર્યો ત્યારે પણ અદ્‌ભુત અનુભવ રહ્યો. હવે વરાહ અવતારની કથા પહેલા જાણી લઈએ.

**વરાહ અવતારની વાર્તા -** એક સમયે દૈત્યરાજ હિરણ્યાક્ષે ધરતી માતા (ભૂદેવી)ને ઉઠાવીને પ્રચંડ સાગરના ગર્ભમાં દબાવી દીધી. સંપૂર્ણ સૃષ્ટિ અસ્તવ્યસ્ત થઈ ગઈ. ત્યારે ભગવાન વિષ્ણુએ વરાહ (ડુક્કર/સૂઅર)નું અવતાર ધારણ કર્યું. તેઓ રસાતળમાં પહોચ્યા અને જોયું કે સમગ્ર ધરતી ગંદકીમાં ફસાયેલી છે. વરાહે ગંદકીને સાફ કરી અને હિરણ્યાક્ષ સાથે ભયંકર યુદ્ધ કર્યું અને તેને સંહાર્યો. પછી પોતાના દાંત પર ધરતીને ઉઠાવી ફરી તેના સ્થાન પર સ્થાપિત કરી. અહી હિરણ્યાક્ષ શબ્દનો અર્થ સમજવાનો પ્રયાસ કર્યો ત્યારે ખબર પડી કે **હિરણ્યાક્ષ (હિરણ્ય એટલે સોનું, સંપત્તિ, વૈભવ અને અક્ષ એટલે આંખ)** એટલે 'જેની આંખો સોનાં પર છે' અથવા જેની દૃષ્ટિ સંપૂર્ણ રીતે ધન-સંપત્તિ, લોભ અને ભૌતિક વૈભવ પર કેન્દ્રિત છે. હિરણ્યાક્ષ કોઈ માત્ર દૈત્ય નહીં, પરંતુ એક પ્રતીક છે. જે મનુષ્યની બુદ્ધિ સતત ધન, ભોગ, અહંકાર, ભૌતિક સુખમાં જ અટવાયેલી રહે છે, તે હિરણ્યાક્ષ જેવી દૃષ્ટિ ધરાવે છે. આપણે જાણીએ છીએ કે સુઅર હમેશા ગંદકીને સાફ કરે છે. માટે જ વેદ વ્યાસજીએ સુઅર સાથે સરખામણી કરી હશે. પરમાત્મા ઘણી વાર મુરલીમાં કહે છે કે હું ધોબી છું બધાના કપડા ધોવું છું, હું સોનાર છું આત્મામાં રહેલી ખાદને કાઢું છું. આ પ્રકારે અનેક દાખલા આપી પરમાત્મા મનુષ્યને પ્રેરિત કરે છે કે આત્માની શુદ્ધિ માટે પુરુષાર્થ કરો. વરાહ અવતાર મનુષ્યની એ સ્થિતિ છે, જે આત્માની વાસ્તવિક સ્થિતિ પવિત્રતાને પુનઃ પ્રાપ્ત કરવાની છે.

વરાહ અવતારને ઊંડાણમાં સમજવાનો પ્રયત્ન કર્યો ત્યારે એક વાત સ્પષ્ટ અનુભવી કે વરાહ અવતાર અને હોળી વચ્ચે ખુબ જ સામંજસ્ય છે. વાસ્તવમાં જોવા જઈએ તો વરાહ અવતાર હોળીનું આધ્યાત્મિક તત્વ જ છે.

**વરાહ અવતાર - હોળીનો પ્રતિકાત્મક આધ્યાત્મિક સંદેશ -** જેમકે આપણે જોયું વરાહ એટલે સુઅર અથવા ડુક્કર. આપણે સર્વ બુદ્ધિશાળી છીએ. બુદ્ધિની કસોટી પર વિચાર કરીએ તો પરમાત્માને સુઅર બનીને કાર્ય કરવાની આવશ્યકતા ખરી? આધ્યાત્મિક દૃષ્ટિએ વરાહ અવતાર કોઈ શારીરિક અવતાર નથી, પરંતુ તે એક ઊંડો પ્રતિકાત્મક સંદેશ આપે છે. પુરાણોમાં દર્શાવ્યા મુજબ વરાહ અવતારમાં પૃથ્વી રસાતલમાં ડૂબી ગઈ હતી. વરાહ ભગવાન એ પૃથ્વીની આસપાસની ગંદકી સાફ કરે છે અને પછી તેને પોતાના નાક ઉપર ધારણ કરીને વિષય સાગરમાંથી બહાર કાઢે છે. આ દૃશ્યનો ભાવાર્થ અત્યંત ઊંડો છે. અર્થાત પરમાત્મા સમગ્ર સૃષ્ટિમાં વિકારોના વશમાં આવી ગયેલી માનવ આત્માઓને પવિત્રતાની શક્તિ આપે છે, તેમની

અંદરની ગંદકી - કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારને સાફ કરે છે અને તેમને અધોપત્તનની સ્થિતિમાંથી ઊંચે ઉઠાવે છે.

નાક ઉપર પૃથ્વીને ધારણ કરવાનો અર્થ છે આત્માનું સ્વમાન જગાડવું. જ્યારે આત્મા પોતાને શરીર નહીં પરંતુ શાશ્વત આત્મા તરીકે ઓળખે છે, ત્યારે તેનું સ્વાભિમાન જાગૃત થાય છે અને આત્મા વિષય સાગરમાંથી બહાર આવી ક્ષીર સાગરમાં પહોંચે છે અર્થાત સુખ, શાંતિ અને સમૃદ્ધિના વિશ્વમાં પ્રવેશ કરે છે. વરાહ અવતારને જો ધ્યાનથી સમજીએ તો તે હોળીનો પ્રતિકાત્મક અવતાર છે. **પરમાત્મા શિવ હોળીના ત્રણ ઊંડા અર્થ સમજાવે છે - પ્રથમ, હોલી એટલે પવિત્ર બનવું. બીજું, હોલી એટલે સમર્પિત થવું. ત્રીજું, હોલી એટલે જે થયું એ સારું થયું એટલે સ્વીકારભાવ સાથે જીવન જીવવું.**

હોળીમાં જે બાળવાનું થાય છે તે પણ પ્રતિકાત્મક છે. તે અંદરની ગંદકી અને વિકારોને યોગ અગ્નિથી ભસ્મ કરવાની પ્રક્રિયા દર્શાવે છે. જ્યારે આત્મા પરમાત્મા સાથે યોગ જોડે છે, ત્યારે આ અગ્નિમાં બધા દોષો ભસ્મ થઈ જાય છે - આ પણ વરાહ અવતારનો સંદેશ છે.

હોળીના રંગો વિશે પણ પરમાત્મા કહે છે કે જ્યારે આત્મા પવિત્રતાની શક્તિ ધારણ કરે છે અને પવિત્રતાના રંગમાં રંગાઈ જાય છે, ત્યારે તેના સ્વમાન અને આંતરિક શક્તિઓ જાગૃત થાય છે. આત્મા પરમાત્માના રંગમાં એટલે કે શાંતિ, પ્રેમ, આનંદ અને પવિત્રતાના રંગમાં રંગાઈ જાય છે.

**આ રીતે જોવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે વરાહ અવતાર પણ કોઈ શારીરિક અવતાર નહીં પરંતુ માનવ આત્માના ઉદ્ધારનું પ્રતિકાત્મક સ્વરૂપ છે. તે આપણને સંદેશ આપે છે કે**

(અનુસંધાન પેજ નં. 13 પર)

# સહજતા

બ્ર. કુ. જૂનાગઢ

સહજતાના શાણપણથી બધું મળે,
એ વાત માન મન.
ગંભીર ગાંઠ બનવાનું કેમ ? એ વાત માન મન.
માન તનના મેળવી, ઘટે માન વ્યક્તિત્વનાં,
એ વાત માન મન.
દુનિયાનું સઘળું મેળવી દેખાડવું કેમ ?
એ વાત માન મન.
વ્હાલના વાદળને વરસાવતો ઈશ્વર,
એ વાત માન મન.
બીજું માગવાનું, પામવાનું કેમ ?
એ વાત માન મન.
અડગ સ્વભાવ, પલળી જા પ્રભુપ્રેમમાં,
એ વાત માન મન.
મન જાય દુનિયાની દોલતમાં કેમ ?
એ વાત માન મન.
સહજ સ્વભાવની સરવાણી વહે ગંગાની જેમ,
એ વાત માન મન.
વચ્ચે રાગ - દ્વેષનાં ખાબોચિયા ભરવા કેમ ?
એ વાત માન મન.
બાપ સાગર બની બેઠો ઉપર અવિનાશી,
એ વાત માન મન.
ગાગરમાં વિનાશી ગંદ ભરવાની કેમ ?
એ વાત માન મન.
સંગમ સોહામણો તારા માટે જ છે,
એ વાત માન મન.
ભૂતકાળ ને બાથ બાંધવા કેમ ?
એ વાત માન મન.

॥ ઓમશાંતિ ॥

### જ્ઞાન પરબ

# શાંતિની શક્તિ

બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના, ગુજરાત પરિવાર દ્વારા ગત વર્ષના ડિસેમ્બર માસમાં, 'બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ'નો પ્રોજેક્ટ કર્યો હતો. આ પ્રોજેક્ટનું મુખ્ય લક્ષ્ય હતું, વર્તમાન સમયે તણાવ, દુઃખ અને અશાંતિભર્યા સંસારમાં, વ્યક્તિ શાંતિનો અનુભવ કરે તેમજ વિશ્વમાં શાંતિના તરંગો ફેલાવી શાંતિનું દાન કરે. આ માટે દોઢ અબજથી પણ વધારે મિનિટોનું શાંતિ દાન આપણે લોકો પાસેથી મેળવ્યું હતું. શાંતિનું દાન કરવુ એ ભારતીય સંસ્કૃતિની પરંપરા છે. જ્યારે કોઈ વિશેષ કે નામીગ્રામી વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તે આત્માને આપણે સ્કૂલો તેમજ સરકારી ઓફિસોમાં બે મિનિટનું મૌન રાખી શાંતિનું દાન કરીએ છીએ. આ પ્રોજેક્ટનું મહત્વ એટલા માટે ખૂબ જ છે, કારણ કે આવનારા દિવસોમાં શાંતિના ભિખારીઓ ખૂબ જ વધવાના છે. આપણી પાસે શાંતિનો સ્ટોક જ નહીં હોય, તો શાંતિનું દાન કેવી રીતે કરીશું? ભિખારી ભિખારીને શું દાન કરી શકે? દાન તો જે સંપન્ન હોય તે જ કરી શકે ને? આ પ્રોજેક્ટ દ્વારા આપણે અનેક લોકોને વિશ્વમાં શાંતિનું દાન કર્યુ તથા બીજા લોકો પાસે પણ શાંતિનું દાન કરાવી તેમને વિશ્વમાં શાંતિના પ્રકંપનો ફેલાવવા પ્રેરિત કર્યા હતા. શાંતિની શક્તિ એટલે ઉછળકૂદ કરતા મનને એકાગ્ર કરી એક સ્થાન પર ટકાવી રાખવું, જ્યાં મન પ્રસન્નચિત રહી શકે. એક પરમાત્મા જ શાંતિના સાગર છે જ્યાં મન પરમાનંદનો અનુભવ કરી સ્થિર રહી શકે છે. શાંતિની શક્તિનો મુખ્ય આધાર છે શુભ સંકલ્પ, જેના દ્વારા જે ઈચ્છો તે સિદ્ધિ સ્વરૂપે પ્રાપ્ત કરી શકાય છે.

### શાંતિની શક્તિની કમીના કારણો

* જો પવિત્રતાનો પાયો કમજોર હશે તો શાંતિની શક્તિ જમા થઇ શકશે નહીં.
* જો પુરુષાર્થમાં પરિવર્તન શક્તિ અને મહેસૂસતાની શક્તિની કમી હશે તેમજ બહિર્મુખતાનો સ્વભાવ હશે તો શાંતિની શક્તિ જમા કરી શકાશે નહીં. શાંતિની શક્તિનો પ્રયોગ કરવા અંતરમુખી એકાંતવાસી બનવુ ખૂબ જ જરૂરી છે. શાંતિની શક્તિ જમા કરવા માટે આત્મા સર્વ બંધનોથી મુક્ત સ્વતંત્ર હોવી જરૂરી છે.
* સંતુષ્ટતાની શક્તિની કમી હશે તો શાંતિની શક્તિ પ્રાપ્ત કરી શકાશે નહીં સંતુષ્ટ વ્યક્તિ જ ખુશમિજાજ રહી શકશે, જેના ચહેરા અને ચલનથી જ શાંતિ નો અનુભવ થશે.

### શાંતિની શક્તિની વિશેષતાઓ

* શાંતિની શક્તિ - ક્રોધ અગ્નિને શાંત અને શીતલ બનાવી દે છે.
* શાંતિની શક્તિ - વ્યર્થ સંકલ્પોની હલચલને સમાપ્ત કરી દે છે.
* શાંતિની શક્તિ - ગમે તેવા કઠોર સંસ્કારને પણ પીગાળીને સમાપ્ત કરી દે છે.
* શાંતિની શક્તિ - માનસિક રોગ, ટેન્શન, ડિપ્રેશન, ઉદ્વેગ સહજ સમાપ્ત કરી દે છે.
* શાંતિની શક્તિ - શાંતિના સાગર બાપથી અનેક આત્માઓનું મિલન કરાવે છે.

* શાંતિની શક્તિ - અનેક જન્મોથી ભટકતી આત્માઓને ઠેકાણાની અનુભૂતિ કરાવે છે.
* શાંતિની શક્તિ - આત્માઓને ત્રણેય લોકની સેર કરાવી શકે છે.
* શાંતિની શક્તિથી શાંતિધામમાં બુદ્ધિ એકાગ્ર કરી શકાય છે, જેનાથી કમ ખર્ચ બાલાનશીન અને સમયના ખજાનામાં ઇકોનોમી કરી શકાય છે.
* શાંતિની શક્તિથી ગમે તેવું મોટું વિઘ્ન પણ સરળતાથી પાર પાડી શકાય છે.
* શાંતિની શક્તિથી કોઈપણ આત્મા સુધી સંદેશો વાયરલેસ કરતા પણ વધારે ગતિથી પહોંચાડી શકાય છે.
* શાંતિની શક્તિથી વાયુમંડળ, સંસ્કાર અને પ્રકૃતિનું પણ પરિવર્તન કરી શકાય છે.
* શાંતિની શક્તિ - હિંસક વૃત્તિવાળી આત્મા કે જાનવરને પણ શાંત કરી શકે છે.
* શાંતિની શક્તિ અર્થાત મનસા સંકલ્પોથી જે આત્માની સેવા કરવા ચાહો તે આત્માની સેવા કરી શકાય છે.
* શાંતિની શક્તિથી પ્રકૃતિજીત, માયાજીત બની શકાય છે.
* શાંતિની શક્તિથી રામરાજ્ય વૈકુંઠ સ્વર્ગ ધરા પર લાવી શકાય છે.
* જેમ ટીવી પર દૂરના દ્રશ્ય સમીપ જોઈ શકાય છે તેમ શાંતિની શક્તિથી દૂરની આત્માઓને પણ સમીપ અનુભવ કરી શકાય છે.
* શાંતિની શક્તિથી દૂર રહેતી વ્યક્તિનો અવાજ પણ જાણે સન્મુખ સાંભળી રહ્યા હોય તેવી અનુભૂતિ થાય છે.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 09નું અનુસંધાન)...મૌનનું મહત્ત્વ**

2006માં થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ગીત સાંભળ્યા પછી જો બે મિનિટનો બ્રેક લેવામાં આવે તો પછીની શાંતિથી હૃદયના ધબકારા અને બ્લડપ્રેશરમાં ઘટાડો થાય છે. જો સંગીત ઓછા અવાજમાં હોય તો તેની સરખામણીમાં પણ હૃદય માટે મૌન શાંતિ ખૂબ જ ફાયદાકારક છે.

ઘરમાં પરીક્ષા વખતે વડીલો વારંવાર કહેતા કે શાંતિથી ભણજો. આનો અર્થ એ હોય છે કે તમારે એવી જગ્યાએ અભ્યાસ કરવો જોઈએ જ્યાં કોઈ અવાજ ન હોય. આ કારણે તમારી એકાગ્રતા જળવાઈ રહે. જો આપણે શાંતિથી કામ કરીએ તો આપણું મગજ ઝડપથી કામ કરે છે અને વધુ સારી રીતે પૂર્ણ કરવામાં સક્ષમ બને છે. તેથી, મૌન અથવા શાંતિ રાખવી ખૂબ ફાયદાકારક છે.

દિવસભરની ભાગદોડના કારણે આપણા મનમાં અસંખ્ય વિચારો ચાલતા રહે છે. આપણે કેટલીકવાર તેમને રોકવાનો પણ પ્રયાસ કરીએ છીએ પરંતુ તેઓ નિયંત્રણમાં આવી શકતા નથી. આવી સ્થિતિમાં જો આપણે શાંત વાતાવરણમાં જઈએ જ્યાં થોડી ક્ષણો માટે મૌન રહેવાનો સમય હોય તેથી તે આપણી ઊર્જા બચાવીને આવા વિચારોને રોકવામાં મદદ કરે છે. મૌન આપણને હંમેશા વર્તમાનમાં રહેવામાં મદદ કરે છે.

2013ના અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે કેટલાક ઉંદરોમાં બે કલાકના મૌન પછી, તેમના હિપ્પોકેમ્પસમાં નવા કોષો વધવા લાગ્યા. આ કોષો યાદશક્તિ અને લાગણીઓ સાથે સંબંધિત છે. આ અભ્યાસ મુજબ, મૌન રહેવાથી આપણા મગજનો વિકાસ થાય છે અને ઘણી રીતે ફાયદો થાય છે.

હા... મુખના મૌન સાથે મનના સંકલ્પનું પણ મૌન હોવું જરૂરી છે. **॥ઓમશાંતિ॥**

# રાજયોગિની બ્ર.કુ. દમયંતીદીદીને શ્રધ્ધા સુમન

બ્ર.કુ. અજીતભાઈ, જૂનાગઢ



દમયંતી દીદીજી ગુજરાત ઝોનના એડિશનલ એડમિનિસ્ટ્રેટિવ અને ગુજરાત ઝોનના જૂનાગઢ જિલ્લાના મુખ્ય સંચાલિકા આદરણીય દમયંતીએ તારીખ 13 નવેમ્બર 2025ના રોજ પોતાનો પાર્થિવ દેહ છોડી વિશેષ સેવા અર્થે અવ્યક્ત આરોહણ કર્યું. આદરણીય દમયંતી દીદીજીના સંસ્મરણોથી હૃદય પ્રેમથી ભરાઇ ગયું. તેમના વિશે બે શબ્દો આ પ્રમાણે છે..

**અતિ નિખાલસ -** દમયંતી દીદીજી ખુબ સરળ ભોળા અને અતિ નિખાલસ હતા . જેવું મનમાં હોય એવું જ બોલે, સત્ય જ બોલે, પેટમાં કોઈ પાપ નહીં, મનમાં કાંઈ અને બોલે બીજું કાંઈ એવું નહીં, દિલમાં કોઈ ખોટ નહીં. ક્લાસમાં આવે તો બધી જ વાત નિખાલસતાથી કરે કે કાલે હું આ જગ્યાએ ગઈ હતી, પેલા કાર્યક્રમમાં ગઈ હતી, કાલે આ આવ્યા હતા, હવે આજે બપોર પછી ત્યાં જવાનું છે અને બીજા બેન ત્યાં જશે વગેરે વગેરે.. કદાચ આખા ગુજરાતમાં દમયંતી દીદીજી જેવું નિખાલસ કોઈ નહીં હોય. દીદીજીના આ નિખાલસતાના ગુણે કદાચ એમને એટલે જ નંબર વન વિશેષ બ્રાહ્મણ આત્મા બનાવી દીધા અને એટલે જ દીદી બધાને ખૂબ ગમતા હતા .

**ન્યારા પ્યારા -** દીદીજી બાપ સમાન ન્યારા પ્યારા હતા કોઈ આત્મા પ્રત્યે મોહ નહીં કે કોઈ પ્રત્યે ક્યારેય નફરત નહીં. દીદીજી કહેતા કે બાબા અવ્યક્ત થઈ ગયા, દાદીઓ અવ્યક્ત થઈ ગયા, હવે આપણે જ આત્માઓની પાલના કરવાની છે, પોતાને આધારમૂર્ત-માતૃત્વસ્વરૂપમાં સમજીને ચાલતા. દરેકને પોતાનું બાળક સમજી વ્યવહાર કરતા, છતાં ન્યારા-પ્યારા હતા. કોઈ

તમોપ્રધાનતાને વશીભૂત દીદીજીને બે શબ્દો કહી દે તોય દીદીજી બીજા દિવસે તે ભાઈને બોલાવે, ઓમ શાંતિ કરે, કોઈ નફરતનો ભાવ નહીં.

**દિલમાં એક બાબા -** દીદીના દિલમાં એક બાબા જ હતા. 'મેરા તો એક શિવ બાબા, દુસરા ન કોઈ' આ વાક્ય જીવનમાં ઉતારેલું હતું. જે પ્રેક્ટીકલ દેખાતું હતું. દીદીજીના છેલ્લા સમયમાં બે વખત હાડકાનુ ઓપરેશન થયું. જે ડો. હિમાંશુભાઈ લાડાણીએ કર્યું હતું. દીદીજી સાજા થયા ત્યારે એક દિવસ ક્લાસમાં આવ્યા ત્યાં લાસ્ટ ક્લાસ પછી ચિટચેટ કરતા હતા, લાડાણી સાહેબને જોઈને બોલ્યા આ લાડોલા સાહેબ તો કેટલા ભાગ્યશાળી છે. ભાગ્યશાળી નહિ પરંતુ પદ્માપદમ ભાગ્યશાળી છે. જુઓ મને સાજી કરી અને હવે કમલબેનની સારવાર કરી રહ્યા છે જો બાબાએ આપણને કેટલા સરસ લાડોલા સાહેબ આપ્યા છે. આપણને ખ્યાલ આવે કે તેમની ફરજ પ્રમાણે તેમણે લાડાણી સાહેબની ક્લાસમાં મહિમા કરી પરંતુ દિલથી તો બાબાને શુક્રિયા કર્યો કે બાબાએ આપણને કેવા સરસ લાડોલા સાહેબ આપ્યા છે.

**આજ્ઞાકારી સત્યતાની મૂર્તિ -** દીદીજીએ મમ્મા બાબાની પાલના લીધેલી છે મમ્મા, દાદી પ્રકાશમણિએ આપેલી શ્રીમત પ્રમાણે વિવિધ સ્થાનોમાં સેવા કરી અને જૂનાગઢમાં સ્થિત થઈ બેહદ સેવાઓ કરી. હંમેશા વડિલોની વાતમાં દીદીજીએ હાજીનો પાઠ પાકો કર્યો. દીદીજી દ્વારા ઘણી વિશેષ આત્માઓ - વરિષ્ઠ બહેનો નીકળ્યા ગુજરાત ઝોન, અમદાવાદ, મહાદેવનગર - નારણપુરા, સેન્ટર ઈનચાર્જ બ્રહ્માકુમારી ચંદ્રિકાબેન, આફ્રિકા નેરોબી સેન્ટર ઈનચાર્જ વેદાંતીબેન, મુંબઈના રાજયોગિની નલિનદીદીજી સાથે દીદીજીનો દિલથી વિશિષ્ટ ઘનિષ્ઠ સંબંધ દીકરીનો રહ્યો. દીદીજી હંમેશા સત્યવાદી રહ્યા પોતાની સાચી વાત ઉપર હંમેશા અડગ રહ્યા, કોઈ કંઈ પણ બોલે પણ પોતે સત્ય હોય તો પોતાની વાતમાંથી હટ્યા નહીં. સમય પર સત્યતાની શક્તિરૂપા બની કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા પણ ખચકાયા નહીં.

**નમ્રતાની મૂર્તિ -** દીદીજી જુનાગઢ જિલ્લાના મુખ્ય સંચાલિકા ઉપરાંત ગુજરાતના એડિશનલ ચીફ અને મમ્મા બાબાની પાલના લેનાર વરિષ્ઠ આત્મા હોવા છતાં જરા પણ અભિમાન નહીં, નાના હોય કે મોટા દરેકને સન્માન, દરેક સાથે સન્માનજનક વ્યવહાર અને સંબોધન કરતા મારી વાત કરું તો હું તો એમનાથી દરેક રીતે નાનો કહેવાઉં તો પણ તે અજીતભાઈ કહીને જ બોલાવતા, જે મને યોગ્ય નહોતું લાગતું દર શનિવારે યાદી માટે ફોન કરે અજીતભાઈ લીલા નાળિયેર લેતા આવજો.

**દુવાઓ સન્માનથી સંપન્ન -** દીદીજી છેલ્લા છ મહિના પથારીવશ રહ્યા, એ દરમિયાન ગુજરાતના તમામ વરિષ્ઠ બહેનો તથા ભાઈઓ અને આદરણીય રાજયોગિની જયંતિદીદીજી ખાસ દમયંતિ દીદીજીને મળવા માટે જ આવ્યા હતા અને દીદીજીને દુઆઓથી સંપન્ન કર્યા. દીદીજીએ સવારે 6.00 કલાકે શરીર છોડ્યું. સાંજે 4.00 કલાકે અગ્નિસંસ્કાર હતા. ઓછો સમય હોવા છતાં ગુજરાતના તમામ વરિષ્ઠ બહેનો અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો દીદીજીની અંતિમયાત્રામાં પહોંચી ગયા. જૂનાગઢ શહેરમાં ગલીએ ગલીએ લોકોના ટોળે ટોળાએ પુષ્પાંજલિ અર્પિત કરી. દીદી પ્રત્યેનો દરેકનો અતિ લાગણીસભર સ્નેહ બતાવે છે. આવા સત્ય સ્વરૂપ, નમ્રતાની મૂર્તિ, ત્યાગી-તપસ્વી, સાદગી સંપન્ન, ફરમાન બરદાર ન્યારા પ્યારા, અતિ નિખાલસ, મહાન આત્મા દમયંતી દીદીજીને કોટી કોટી વંદન સાથે શ્રદ્ધા સુમન.

**॥ ઓમશાંતિ ॥**

# રાજયોગિની બ્ર.કુ. દમયંતીદીદીને સ્મરણાંજલિ

## બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી



આજથી 50 વર્ષ પહેલાંની વાત છે. જ્યારે સુરતના બ્ર.કુ. રાજયોગિની લત્તા દીદીજી હોસ્પિટલમાં હતાં. આથી રાજયોગિની દમયંતી દીદીજી 15 દિવસ સુરત સબઝોન સંભાળતા અને 15 દિવસ જૂનાગઢ સબઝોન સંભાળતા હતા. જ્યારે દીદીજી સૂરત જતાં ત્યાં પોરબંદરના બ્ર.કુ. ગીતાબેન જૂનાગઢ સંભાળતાં હતાં. એ દરમિયાન બ્ર.કુ. ગીતાબેન ઈશ્વરીય પ્રદર્શન લઈને ધોરાજી આવ્યાં. પ્રવાસીગૃહમાં પ્રદર્શન ગોઠવેલ હતું. બ્ર.કુ. ગીતાબેને મારા પિતાશ્રીને કહ્યું, કે નાથાભાઈ, આ પ્રદર્શન ધોરાજીના લોકોને બતાવવું છે. પરંતુ અમારી પાસે કોઈ જાહેરાત કરે એવી વ્યક્તિ નથી. તેથી મારા પિતાશ્રીએ મને માઈકમાં જાહેરાત કરવા મોકલ્યો. એ જમાનામાં રીક્ષા નહોતી. ઘોડાગાડીમાં માઈકથી પ્રદર્શનની જાહેરાત કરી. એ બ્ર.કુ. ગીતાબેન સાંભળી ગયાં. 1975ના જુલાઈ માસના અંતિમ દિવસો હતા. જ્યારે સુરતથી દમયંતી દીદીજી આવ્યાં ત્યારે બ્ર.કુ. ગીતાબેને ધોરાજીની સેવાના સમાચાર આપતાં કહ્યું કે કિશોરભાઈ માઈકમાં પબ્લીસીટી સારી કરે છે. દીદીએ એ ધ્યાનમાં રાખ્યું. થોડા સમયમાં જૂનાગઢમાં 10 દિવસ આધ્યાત્મિક મેળાનું આયોજન થયું. તેની વ્યવસ્થા માટે મીટીંગ ગોઠવાયેલ. તેમાં દીદીએ મને કહ્યું, કિશોરભાઈ, તમારે મેળાની શોભા-યાત્રામાં એનાઉન્સરની ડ્યુટી કરવાની છે. દસેય દિવસ મેળાના સ્થળે પણ માઈક જાહેરાત કરવાની છે. મેળામાં તો આખા ગુજરાતના બ્ર.કુ. ભાઈ-બહેનો સેવામાં આવેલા હતાં. તેમણે જાહેરાત સાંભળી. મધુવનથી દાદી પ્રકાશમણીજી પણ આવેલા. તેમની હાજરીમાં શિવસંદેશ પબ્લીસીટીનો જન્મ થયો. જે માટે દીદીજી નિમીત્ત બન્યા. ત્યાર પછીના બધા જ મેળામાં જાહેરાત કરવા સેંટરોના નિમિત્ત બહેનોએ ત્યાં જ એડવાન્સ બુકીંગ કરાવી લીધું. મધુવનમાં ભરાયેલા મેળામાં પણ જાહેરાત માટે શિવસંદેશ પબ્લીસીટીને આમંત્રણ મળ્યું. બાબાએ મેળાનું ગીત લખાવ્યું. તે સાંભળી મેળાના ઈનચાર્જ ધર્મપાલજીએ ગીતનું રેકોર્ડીંગ સાથે લઈ ગયા. મેળાના ક્લોઝીંગ ફંકશનમાં બડી દીદી આવેલા. તેમનું વિદાઈ ગીત ગાવાનો ચાન્સ મળ્યો. તે સાંભળી દમયંતી દીદીજી કહે, ‘કિશોરભાઈ, તમે જ્યારે ધોરાજીથી જૂનાગઢ સેન્ટરે આવો ત્યારે નવું ગીત બનાવીને આવવું અને અહીં ક્લાસમાં સંભળાવવું.’ આ રીતે એક કેસેટ બની જાય. એટલાં ગીતો બની ગયા. તેનો યશ પ્રેરણામૂર્તિ દમયંતી દીદીજીને ફાળે જાય છે.

વર્ષો પહેલાં આખા ગુજરાતમાં દરેક સેન્ટર

ઉપર ત્રણ દિવસની ભઠ્ઠીનું આયોજન થયેલું ત્યારે જૂનાગઢ ખાતે જ્યારે આ ભઠ્ઠીનું ઉદ્દ્ઘાટન થયું એ વખતે દીદીજી બોલ્યાં કે, 'જ્યારે ભઠ્ઠી પુરી થશે ત્યારે કિશોરભાઈ ભઠ્ઠીનું ગીત ગાઈ સંભળાવશે.' આ સાંભળીને મને મનમાં થયું માર્યા ઠાર. અત્યાર સુધી તો તૈયાર ગીતો લખીને લાવતો અને સંભળાવતો. હજુ તો ભઠ્ઠીની શરૂઆત થાય છે તો તેના ગીતનું શું કરવું? જીવરામ જોષી જેવી મારી હાલત થઈ. સૌ એક દિવસની ભઠ્ઠી પૂરી થતાં પોતપોતાને ઉતારે ગયાં અને સમય થતાં સૂઈ ગયાં. મને ઊંઘ આવે નહીં. બાબાને કહ્યું, 'અત્યાર સુધી તમે લખાવેલા ગીતો ગાયાં. હવે આ ભઠ્ઠીનું ગીત ક્યાંથી કાઢવું? રાત્રીના 12 વાગ્યા. બાબાએ ટચીંગ કર્યું, 'ઉઠો નોટ પેન નિકાલો', મેં લાઈટ કરી, નોટ પેન કાઢ્યાં. બાબાએ પ્રથમ દિવસની ભઠ્ઠીનું ગીત લખાવી દીધું. મને થયું હાશ હવે વાંધો નહીં. બીજા અને ત્રીજા દિવસે જેમ જેમ ભઠ્ઠીનો પ્રોગ્રામ ચાલ્યો તેમ તેમ તેમાં કડી ઉમેરાતી ગઈ. એ રીતે ગીત બની ગયું... ભઠ્ઠીની સમાપ્તિમાં ભઠ્ઠીનું ગીત ગાયું તો તે સાંભળીને એવી તો તાળીઓ પડી કે વાત ન પૂછો. બાબાએ લખાવેલું તેથી તે બેનમૂન જ હોય ને? સેંટરના ભાઈ બહેનો કહે, જ્યારે જૂનાગઢ આવો ત્યારે આ ગીત ગાજો એટલે આપણે ભઠ્ઠી થઈ જાય. દીદીએ આ રીતે કવિને શીઘ્ર જન્મ આપ્યો કહેવાય ને? આવા દીદીને કેવી રીતે ભૂલાય?

દીદીને વાચનસિદ્ધિ વરેલી હતી. જ્યારે તેઓ ધોરાજી ગીતાપાઠશાળામાં પહેલી વાર શિબિરાર્થીઓને મળતા હતા ત્યારે મને પૂછ્યું શું છે આપનું નામ? મેં કહ્યું, કિશોરભાઈ તો કહે તમે સદા કિશોર જ રહેશો, શરીરની ઉંમર ગમે તેટલી હોય.. આ વાતની પ્રતિતી થઈ જ્યારે લોકો મને વર્ષો પછી મળે તો કહે, તમે આજે પણ હજુ એવા જ છો. એજ્યુકેશન વીંગના બ્ર.કુ. મમતાબેન સ્ટેજ ઉપરથી એનાઉન્સમેન્ટ કરે કે, 'હવે 75 વર્ષના યુવાન કિશોરભાઈ ગીત સંભળાવશે' એ દીદીજીની આગમવાણીની સિધ્ધિનો પુરાવો કહેવાય ને? આવા દીદીજીએ પેલી ત્રણ દિવસની ભઠ્ઠીમાં ગુણોની ધારણા વિશે અનુભવ કરાવ્યો તો શિવબાબા એ ગીતમાં લખાવ્યું,

'દિવ્યગુણ સંપન્ન હમેં તો બનના હૈ,  
દીદીને ખૂબ સમજાયા કૈસે બનના હૈ?  
પાંચ ગુણોં કે પીછે સબગુણ આ જાય,  
તીન દિનકી ભઠ્ઠી કો ચાર ચાંદ લગ જાય...'

આવા દીદીજીના દેહાવસાન પ્રસંગે શ્રદ્ધાંજલીના શબ્દો જે ગવાયા એ આ પ્રમાણે હતા.

આતી હૈ યાદ આજ દીદીજીકી,  
કીતની મધુર મજેદાર,  
જીસકી ગોદમેં જા બૈઠે વો સ્વર્ગ કે સરજનહાર...  
આતી હૈ આજ યાદ દીદીકી...

આ તબક્કે દીદીનું સ્વાગત ગીત પ્રાસંગિક ગણાશે કેમ કે તેમાં તેમનું શબ્દચિત્ર સમાયેલું છે.

જોતાં હતાં રોજ જેની વાટ, એ દીદી આજે પધાર્યાં,  
કરતાં હતાં જે આપણને લાડ, એ દીદી આજે પધાર્યાં  
જોતાં લાગે કે ફરિશ્તા, બાબા જોડે એના રિશ્તા,  
ખવડાવે ખુશીનો ખોરાક, એવાં દીદી આજે પધાર્યાં,  
સોચે કરે હિતકારી, બોલે એ મિતકારી,  
યોગયુક્ત પૂર્ણવિરામ, એવાં દીદી આજે પધાર્યાં.

આ લખાય છે ત્યારે આંખમાં પ્રેમના અશ્રુની ભાવાંજલિ અપાઈ ગઈ... ॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની પ્રશ્નાવલી

દૈવી ભાઈઓ અને બહેનો, માર્ચ-2026થી નવીનતાસભર, ઈશ્વરીય જ્ઞાનખજાનો સંગમયુગની પ્રશ્નાવલીનો નવો વિભાગ શરૂ કરીએ છીએ. જ્ઞાનચિંતનના આધારે અહીં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પ્રશ્નાવલીમાં ભરશો. આ પ્રશ્નાવલીના જવાબો આ જ અંકમાં અંદર આપેલ છે. તમારા જવાબોને સાચા જવાબો સાથે જરૂર ચકાસી જુઓ.

**(પવિત્ર આત્મા, સમર્થ, વારીસ, ખિદમત, અજગર, રજીસ્ટર, હીરાતુલ્ય, પવિત્રતા, નેચર, દેહ અભિમાન, મેરા બાબા, અહમ, પવિત્ર ભવ, રુદ્ર યજ્ઞ, મૈં પનકા, પાવન, સેવા, સ્વર્ગ કા, પવિત્ર દેવતા, કર્મયોગી, ગુલગુલ, ગોપ-ગોપીઓ, છત્રછાયા, વાયરલેસ સેટ, વહમ, કાંટો, ફેરા લગાને)**

1. ____________ દ્વારા વિનાશકાલ કે અંતિમ ડાયરેક્શન કો કેચ કર સકેંગે.
2. આપ બાપ પર ફિદા હોને વાલે હો યા ____________ વાલે હો.
3. ચાવલ મુઠ્ઠી દેકર 21 જન્મ ____________ વર્સા પ્રાપ્ત કરના હૈ.
4. કોડી તુલ્ય આત્મા કો ____________ બના દેના - યે જાદુગરી એક બાપ કે પાસ હી હૈ.
5. બાગવાન આયે હૈ ____________ કો ફુલ બનાને.
6. ____________ ઔર ____________ સમાપ્ત કર રહમદિલ બનો.
7. ભાગ્ય કા અખૂટ ખજાના પ્રાપ્ત કરને કી ચાબી હૈ - ____________.
8. અપને ____________ પર ડાઘ લગે એસા કોઈ કામ નહીં કરો.
9. ____________ કા ઉમંગ ઉત્સાહ છોટી - છોટી બીમારીઓ કો ઠીક કર દેતા હૈ.
10. હમારા અનાદિ સ્વરૂપ ____________ ઔર આદિ સ્વરૂપ ____________ હૈ.
11. આપ ____________ કી લાઈટ કે તાજધારી હો.
12. બાપ આયે હૈ તુમ્હારી ____________ કરને, તુમ ભી બાપ સમાન સબ કી ખિદમત કરો.
13. નેચરલ અટેન્શન કો અપની ____________ બના લો.
14. તુમ્હે ____________ બનના હૈ કર્મ સન્યાસી નહીં.
15. બ્રાહ્મણો કો દો વરદાન બાપ સે મિલે હૈ ____________ ઔર યોગી ભવ.
16. માયા ____________ મહારથીયોં કો ભી ખા જાતી હૈ.
17. બાપકો ____________ બનાયેંગે તો બાપ તુમ પર વારી જાયેંગે.
18. માયા ને તુમ્હે છી-છી બના દિયા બાપ તુમ્હે ____________ બનાતે હૈ.
19. ____________ કી બદબૂ નિકાલ દેની હૈ
20. અતીન્દ્રિય સુખ પુછના હો તો ____________ સે પૂછો.
21. બુદ્ધિ કો બીઝી રખને કી વિધિ દ્વારા વ્યર્થ કો ____________ કરો.
22. બાપ કે રચે હુએ ____________ કી અચ્છી સંભાલ કરને વાલે કો બાપ અચ્છી ગિફ્ટ દેતે હૈ.
23. યોગ અગ્નિ સે આત્મારૂપી સીતા કો ____________ બનાના હૈ.
24. નંબર વન ત્યાગ હૈ - ____________ .
25. બાપ કી ____________ મે રહેંગે તો માયા કે કોઈ વિઘ્ન આ નહીં સકતા.



તારાપુરમાં શિવરાત્રીના પર્વે 'દ્વાદર્શ જ્યોતિલીંગ'ની ઝાંખીમાં ડૉ. આચાર્યભાઈ, અગ્રણી વ્યાપારી ભ્રાતા અરવિંદભાઈ, કેળવણી મંડળના પ્રમુખ ભ્રાતા ભુપેન્દ્રભાઈ સાથે બ્ર.કુ. હસુબેન.



વાસદના 'શિવરાત્રી' કાર્યક્રમમાં સતકેવલ આશ્રમના સંતશ્રી હરીપ્રિયદાસજી, MP મીતેશભાઈ પટેલ, SVIT કોલેજના સચિવ ભ્રાતા કેતનભાઈ, અગ્રણી વ્યાપારી યોગેશભાઈ, બ્ર.કુ. દીપાબેન.



અમદાવાદ વસ્ત્રાપુરમાં 'પુષ્પોના શિવલીંગ' દર્શનના ઉદ્‌ઘાટન બાદ સમુહચિત્રમાં AMC સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન ભ્રાતા દેવાંગભાઈ દાણી, એડવોકેટ ભ્રાતા હિતેશભાઈ, બ્ર.કુ. જાનકીબેન.



અમદાવાદ વિઝોંલ સેવાકેન્દ્ર દ્વારા આયોજીત 'શિવ શોભાયાત્રા'નું મંગલ ઉદ્‌ઘાટન બાદ સમુહચિત્રમાં કૉરપોરેટર ભ્રાતા મૌલિકભાઈ, બ્ર.કુ. ટિવંકલબેન તથા બ્ર.કુ. કોકીલાબેન.



કચ્છ નખત્રાણામાં 'મહાશિવરાત્રી'ના પાવન પ્રસંગે જડેશ્વર મહાદેવના મંદિરના મહંત નારાયણગીરીજીને ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. કિરણબેન.



અમદાવાદ વટવા સેવાકેન્દ્ર ખાતે 'મહાશિવરાત્રી' પર્વે 'શિવધ્વજ' લહેરાયા બાદ સમુહચિત્રમાં રેલ્વે કમિટી મેમ્બર મહેન્દ્રભાઈ ત્રિવેદી, બ્ર.કુ. તારાબેન.



મરોલીમાં 'શિવરાત્રી' પર્વે 'શિવયાત્રા'ના શુભાંરભે ગાયત્રી પરીવારના ભ્રાતા ભરતભાઈને સોગાત આપતાં બ્ર.કુ. મુકેશબેન.



સુરેન્દ્રનગરમાં 'શિવરાત્રી' કાર્યક્રમમાં સંદેશ આપતાં બ્ર.કુ. હર્ષાબેન બાજુમાં DEO ભ્રાતા અરવિંદભાઈ ઓઝા, ડૉ. નથવાણીભાઈ.



પાટડીમાં 'શિવરાત્રી' પર્વે શિવધ્વજારોહણ બાદ પ્રભુસ્મૃતિમાં MLA ભ્રાતા પી.કે.પરમાર, પાટડી BJP પ્રમુખ દિલીપભાઈ, બ્ર.કુ. પ્રિયાબેન.



પેથાપુરમાં 'સોમનાથ જ્યોતિલીંગ' દર્શનમાં પધારેલ બિલ્ડર ઉદયસિંહભાઈ, રામદેવપીર મંદિરના મહારાજ ગીરીરાજભાઈ, ટ્રસ્ટીગણ પ્રભુભાઈ, શ્રીકાભાઈ, ખુમાનસિંહભાઈ, બ્ર.કુ. શિલ્પાબેન.



રાજકોટ શાસ્ત્રીનગરમાં 'બરફિલા અમરનાથ'ની ઝાંખીનું ઉદ્‌ઘાટન બાદ સમુહચિત્રમાં ઉદ્યોગપતિ ભ્રાતા યોગેશભાઈ, વકીલ ભ્રાતા કલ્પેશભાઈ, ટીચર શિલ્પાબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. મમતાબેન.



અમદાવાદ સારંગપુર સેવાકેન્દ્ર ખાતે 'શિવજંયતિ' ઝાંખીમાં ઉપપ્રમુખ પાંચકુવા કાપડ મહાજન માર્કેટ ભ્રાતા મુકેશભાઈ જૈન, પ્રમુખ VHP ઉત્તરપ્રાંત ભ્રાતા સુખાભાઈ, ડૉ. નિમેષભાઈ, બ્ર.કુ. મંજુલાબેન.



સરભાણ સેવાકેન્દ્રમાં 'મહાશિવરાત્રી'એ શિવધ્વજ લહેરાવતા અમોદ-જંબુસરના MLA ભ્રાતા દેવકિશોર સ્વામીજી, BJP તાલુકા મહામંત્રી ભ્રાતા અશોકભાઈ પટેલ, ડૉ. પ્રવિણસિંહ, બ્ર.કુ. પ્રિતીબેન.



સુરત પલસાણા સેવાકેન્દ્ર દ્વારા લસકાણા ગામની શાળામાં 'મહાશિવરાત્રી' પર્વે 'રૂદ્રાક્ષના શિવલીંગ દર્શન' બાદ બાળકોને ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. હર્ષાબેન.



સાવરકુંડલામાં 'બિલીપત્રના શિવજી'ની ઝાંખીનું ઉદ્‌ઘાટન કરતાં MLA મહેશભાઈ કસવાલા, પ્રમુખ નગરપાલિકા મેહુલભાઈ ત્રિવેદી, પત્રકાર પ્રદિપભાઈ જોષી, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. રાધિકાબેન.



સુરત પરવત ખાતે 'શિવરાત્રી'ના ભવ્ય મેળાના ઉદ્‌ઘાટન બાદ સમુહચિત્રમાં ડેપ્યુટી મેયર ભ્રાતા ડૉ. નરેન્દ્ર પાટીલ, જુદી-જુદી સોસાયટીઓના પ્રમુખ અને આગેવાનો સાથે બ્ર.કુ. સંગીતાબેન.



આણંદ ખાતે 'શિવરાત્રી' કાર્યક્રમમાં સેક્રેટરી ઉમીયા ફાઉન્ડેશન મણીભાઇ પટેલ, ગાયત્રી પરિવારના સંયોજક સુરેશભાઈ, બ્ર.કુ. ગીતાબેન તથા ૯૦ વિશિષ્ઠ મહાનુભાવો.



બારડોલીમાં 'શિવરાત્રી મહોત્સવ'માં ચેરમેન કોઓપરેટીવ બેંક જીતેન્દ્રભાઈ, પ્રમુખ નગરપાલિકા ધર્મેશભાઈ, બિલ્ડર અજયભાઈ, બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. જયશ્રીબેન.



ભંડુરી સેવાકેન્દ્રમાં શિવ પરમાત્માનો ધ્વજ લહેરાવતાં ઉદ્યોગપતિ ભ્રાતા રમેશભાઇ ગોધાસરા, બ્ર.કુ. મીતાબેન અને બ્ર.કુ. દક્ષાબેન.



ચોટીલામાં 'બરફના અમરનાથ' ઝાંખીમાં સુપ્રસિધ્ધ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકીનભાઈ, સંચાલક એન.એ.શાહ શાળા કિરીટભાઈ, વિરોધ પક્ષના નેતા કલ્પનાબેન, બ્ર.કુ. મીરાબેન.



દાહોદમાં 'મહાશિવરાત્રી' કાર્યક્રમમાં MLA કનૈયાલાલ કિશોરી, Dy. SP જગદીશભાઈ ભંડારી, DHO ડૉ.ઉદયભાઈ, નેશનલ યુથ આઈકોન સુરજભાઈ, ડૉ.અનુબેન, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. કપિલાબેન.



ધારીમાં શાકભાજીના ૫ ફુટ ઉંચા 'શિવલીંગ'ના દર્શને પધારેલ પ્રો. હર્ષાબેન, યોગા ટીચર હીનાબેન રાવલ, BJP સભ્ય કમળાબેન, યોગીજી મહારાજ વિદ્યાલયના દુર્ગાબેન, બ્ર.કુ. ભારતીબેન.



ફોર્ટ સોનગઢમાં 'મહાશિવરાત્રી' પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં જે.કે. પેપર લિમીટેડના ચીફ મેનેજર સંજયભાઈ, ઈલેક્ટ્રીકલ વિભાગના આનંદભાઈ, બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. સુભદ્રાબેન.




ગાંધીનગર સેકટર-૩માં 'હિન્દુ સંમેલન'માં 'યુવા-માતૃશક્તિ' પર વિચાર આપતાં બ્ર.કુ. સુનીતાબેન, RSSના મુખ્ય પ્રવક્તા વિદ્યાબેન, Reted. Dy. Sec. મહેન્દ્રભાઈ, Joint Sec. એ.ડી.પટેલ.



ગાંધીનગર સેક્ટર-૨૮ દ્વારા 'શિવરાત્રી' પર્વે કેક કટીંગ કરતાં બ્ર.કુ. કૈલાસબેન સાથે MLA ભગિની રીટાબેન, કોરપોરેટર ભગિની સંગીતાબેન તથા અન્ય મહેમાનો.



બોટાદમાં 'જ્યોતિર્લીંગ મેળા'માં પધારેલ શાંતિ આશ્રમના મહંત વિક્રમબાપુ, ટ્રસ્ટી આર્દશ વિદ્યામંદિર પ્રભુભાઈ, ટ્રસ્ટી સુંદરમ સ્કુલ ધીરૂભાઈ, મારૂતી સ્પિનના નારાયણભાઈ, બ્ર.કુ. નીતાબેન.



અમદાવાદ ઈન્ડીયા કોલોનીમાં શિવરાત્રી પર્વે 'બરફના અમરનાથ'ની ઝાંખીનું ઉદ્‌ઘાટન કરતાં બ્રહ્માકુમાર ભાઈ-બહેનો સાથે અતિથીગણ.



જુથળ ખાતે ૯૦મી ત્રિમુર્તિ શિવજંયતિએ આયોજીત 'શિવરથ' દ્વારા શિવસંદેશ આપતાં લંડનના બ્ર.કુ. મણીબેન, બ્ર.કુ. રૂપાબેન.



મઢીમાં 'શિવરાત્રી' પ્રસંગે સ્કાયલાઈન એવીએશન સ્કુલના માલિક ભ્રાતા અમૃતભાઈ નાયકને સોગાત આપતાં બ્ર.કુ. અરૂણાબેન.



મહુડીમાં 'મહાશિવરાત્રી'ના કાર્યક્રમમાં સરપંચ ભ્રાતા ફુલસીભાઈ રાઠોડ, ટ્રસ્ટીગણ શિવશક્તિ ટ્રસ્ટ, આગેવાનો, બ્ર.કુ. મનીષાબેન.



માતરમાં 'શિવઉત્સવે' આરતી ઉતારતાં વૈષ્ણવ મંદિરના મુખ્યાજી પરમ પૂજ્ય ઘનશ્યામદાસ મહારાજ, પ્રમુખ મહિલા મોરચા પ્રમુખ ઉષાબેન બાજુમાં બ્ર.કુ. રૂપલબેન.



મોડાસામાં 'શિવધ્વજારોહણ' બાદ મોડાસા ભગિની સમાજના પ્રમુખ કામિનીબેનને ઈશ્વરીય ભેટ આપતાં બ્ર.કુ. ઈન્દિરાબેન.



વડોદરા અટલાદરામાં શિવરાત્રીએ 'મહાકુંભ મેળા'માં MLA ભ્રાતા ચૈતન્યભાઈ દેસાઈ, ડેપ્યુટી મેયર ચિરાગભાઈ બારોટ, કૉરપોરેટર સંગીતાબેન, BJP કોષાધ્યક્ષ ગોપાલભાઈ રબારી, બ્ર.કુ. અરૂણાબેન.



અમરેલીમાં શિવરાત્રી નિમિતે '૧૨ જ્યોતિલીંગ તથા સહસ્ત્ર શિવલિંગ દર્શન'માં પધારેલ માર્કેટયાર્ડના ચેરમેન કાળુભાઈ ભંડેરી, લાયન્સ ક્લબના પ્રમુખ રૂજુલભાઈ, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય મહેમાનો.



સુરત મજુરાગેટ ખાતે 'દ્વાદર્શ જ્યોતિલીંગ દર્શન' ઝાંખીના ઉદ્‌ઘાટન બાદ શહેર પોલીસ કમિશનર ભ્રાતા અનુપમસિંહ ગહેલોત IPS, બ્ર.કુ. સોનલબેન, બ્ર.કુ. અવનિબેન, બ્ર.કુ. યશેષભાઈ.



ચિલોડામાં મહાશિવરાત્રીએ આયોજીત 'શિવજ્યોતિ' ઝાંખી અને શિવઝંડારોહણ કાર્યક્રમ બાદ વિવિધ ગામના શિવમંદિરના પુજારીઓ સાથે સમુહચિત્રમાં બ્ર.કુ. તારાબેન, બ્ર.કુ. મીરાબેન, બ્ર.કુ. શ્રુતિબેન.



ઉમરગામમાં 'શિવરાત્રી' પર્વે કેક કટીંગ કરતાં બ્ર.કુ. રંજનબેન, આચાર્ય અલ્પેશભાઈ પટેલ, આચાર્ય રવિ સોહનજી તથા અન્ય.



સુરત અડાજણ દ્વારા તાડવાડી ખાતે 'નવા સેવાકેન્દ્રના શુભાંરભ' કાર્યક્રમમાં પૂર્વ મેયર હેમલીબેન બોધાવાળા, સુરેશભાઈ વાઘેલા, બ્ર.કુ. દક્ષાબેન તથા અન્ય મહાનુભાવો.



ગોધરા ખાતે 'શિવરાત્રી' કાર્યક્રમમાં ડૉ. પંકજભાઈ ગુપ્તા, પુર્વ ન્યાયાધીશ નિરંજનભાઈ પુરાણી, વિશ્વ હિન્દુ પરિષદના પ્રતિનિધિ શંભુપ્રસાદ શુક્લ, ગાયત્રી પરિવારના મંજુબેન, બ્ર.કુ. સુરેખાબેન.



ઈન્દ્રપ્રસ્થ ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર દ્વારા શિવરાત્રી પર્વે આયોજીત 'બરફના અમરનાથ' દર્શનાર્થીઓને ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. નંદાબેન.

Gyan Amrit Vol.19 | Issue 03 | March 2026 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.

## જ્ઞાનામૃતના તંત્રીશ્રી બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈની ઈશ્વરીય સેવાઓની સ્મારણાંજલી.




સિધ્ધપુર સ્થિત ગોકુલ યુનિવર્સિટીમાં 'નઈ સોચ નઈ સમજ' અંતર્ગત કાર્યક્રમમાં દીપ પ્રજ્વલન કરતાં બ્ર.કુ. શિવાનીબેન સાથે MLA ભ્રાતા બલવંતસિંહ રાજપુત, વિજય સોમાજી મહારાજ, નગરપાલિકાના પ્રમુખ ભગિની અનિતાબેન તથા બ્ર.કુ. વિજયાબેન.



રાજકોટ રવિરત્ન ખાતે શિવરાત્રી પર્વે 'નવદશકોત્સવ'ના શુભારંભમાં ૯૦૦૦ હીરાજડિત શિવલીંગ દર્શનમાં રાજયોગિની ભારતીદીદી, MLA ડૉ. દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, સરગમ ક્લબના ગુણવંતભાઈ, પૂર્વ શહેર BJP પ્રમુખ કમલેશભાઈ, પંચશીલ સ્કુલના ડૉ. ડી.કે. વાડોદરીયા, ડેકોરા ગ્રુપના જમનભાઈ, બ્ર.કુ. નલિનીબેન તથા રાજકોટના પ્રતિષ્ઠિત આગેવાનો.



રાજકોટ પંચશીલ સેવાકેન્દ્ર ખાતે 'મહાશિવરાત્રી'ના પાવન પ્રસંગે ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદીના કરકમળો દ્વારા શિવધ્વજ ફરકાવ્યા બાદ ઇશ્વરીય પ્રતિજ્ઞા કરતાં બ્રહ્માવત્સો.



અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'મહાશિવરાત્રી' ઉત્સવમાં ડેપ્યુટી ડાયરેક્ટર આકાશવાણી ભ્રાતા એન.એલ.ચૌહાણ, સ્પોર્ટસ્ જર્નાલીસ્ટ હિતેશભાઈ, ડૉ. હાર્દિક શાહ, ફિલ્મ કલાકારા મનીષાબેન, સ્વર્ણિમ યુનિવર્સિટીના પત્રકારિતા વિભાગના HOD પ્રો. ડૉ. શશીકાંત ભગત, ગાયક કલાકાર દિલીપભાઈ, બ્ર.કુ. ડૉ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન તથા અન્ય મહાનુભાવો.



અમદાવાદ મહાદેવનગર દ્વારા વાડજ ખાતે આયોજીત 'શિવજંયતિ કાર્યક્રમ'માં યુવા પ્રભાગ અને કલા સાંસ્કૃતિક પ્રભાગના અધ્યક્ષા બ્ર.કુ. ચંદ્રિકાબેન, કોરપોરેટર વિજયભાઈ પંચાલ, ડૉ. જગદીશભાઈ પટેલ, ડૉ. ફાલ્ગુનીબેન પટેલ, આચાર્ય ન્યુ વિદ્યાવિહાર અંકિતાબેન, પૂર્વ MLA મનુભાઈ, આચાર્ય વલ્લભી વિદ્યાલય નિમેશભાઈ જાની.



ભરૂચ ઝાડેશ્વર ખાતે આયોજીત 'શિવધ્વજારોહણ' કાર્યક્રમમાં અધિક કલેક્ટર ભ્રાતા એન.આર.ધાંધલ, ડૉ. સૌરભ દાસેડા, ડૉ. હનીશ પટેલ, ડૉ. કે.જે.પટેલ સાથે બ્ર.કુ. પ્રભાબેન, અન્ય બ્રહ્માકુમારી બહેનો અને બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com